॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥


# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જુન ૨૦૧૫
રૂા. ૫/૦૦

## મંગલમૂર્તિ શ્રી ઘનશ્યામ પંચામૃત મહોત્સવ એવમ્ મંગલકારી સંત સ્મૃતિ મહોત્સવની આછી ઝલક-પ્રસાદી મંદિર -ભુજ












# શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરે ઉજવાયો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ, આમારા (અબડાસા)
























॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामके : ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક




## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૧ કુલ્લ અંક ૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૫ અંક - ૬ - જૂન – ૨૦૧૫
સળંગ અંક - ૩૫૪

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

સર્વે હરિભક્તોને જય શ્રી સ્વામિનારાયણ !

ચાલુ માસમાં અધિકમાસ આવે છે, જે ‘મળમાસ’ના નામથી ક્ષુબ્ધ હતો. આ માસની કથા એવી છે કે વર્ષ દરમ્યાન આવતી ક્ષય તિથિઓ એકઠી કરવામાં આવતાં ત્રણ વર્ષે એક માસ જેટલો સમયગાળો થાય. તેથી આવા અધિક - વધારાના નીકળતા એક માસને સર્વે મહિનાના મેલરૂપ ગણીને ‘મળમાસ’ નામ અપાયું. આમ અધિક માસ મળમાસ તરીકે પણ ઓળખાયો, આ માસનો કોઈ ગુરુ નહીં તેથી તે નગુરો પણ કહેવાયો.

ખિન્ન થયેલા અધિક માસે બ્રહ્માજી પાસે જઈને પોતાની વ્યથા જણાવી, બ્રહ્માજી તેને શંકર પાસે લઈ ગયા પછી બંને તેને વિષ્ણુ પાસે લઈ ગયા. વિષ્ણુ ભગવાને તેને આશ્વાસન આપતાં કહ્યું, ‘‘જા, આજથી તારા દુઃખો દૂર થઈ જશે. હું આશિષ આપું છું.’’ ભગવાન સ્વયં આ મળમાસ, અધિકમાસના ગુરુ થયા અને તેને પોતાનું નામ આપ્યું. તેથી જ અધિક માસને ‘પુરુષોત્તમ માસ’ કહે છે. ભગવાને કહ્યું ‘‘અધિક માસમાં જેઓ વ્રત, દાન, સ્નાન, જપ, તપ, ઉત્સવ કરશે, તેનાં દુઃખો હું નિવારીશ.’’ આમ, પુરુષોત્તમ માસ વ્રતો, દાન, ભક્તિ, સ્નાન અને પુણ્યકર્મોનો મહિનો બની ગયો. ‘નારદ પુરાણ’, ‘અમૃતધારા’ તથા અન્ય શાસ્ત્રોમાં પણ અધિક માસ અને વ્રત મહિમાનું વર્ણન છે. આ માસ પુણ્યકર્મોનું અનંત ઘણું ફળ આપનારો માસ છે.

આ અધિક માસની પરંપરા કેવળ ભારતમાં જ નથી, અધિક માસની અસર હિબ્રુ, ચાઈનીઝ અને ઈસ્લામને પણ સ્પર્શી છે. હિબ્રુમાં અધિક માસને લોકો વીડરના નામે ઓળખે છે.

આપણી કહેવતોમાં અનુભવોનો મર્મ છૂપાયેલો હોય છે. ‘સોબત તેવી અસર’ - ‘સંગ તેવો રંગ’ ઘણું બધું કહી જાય છે. આજે વિશ્વમાં ભૌતિક સુખની લાલસા સાથેની સમૃધ્ધિની ઝંખના કરનારાઓનો વ્યાપ વધતો જાય છે. જ્યાં સાદગી, સંયમ અને સંતોષ નહીં હોય ત્યાં વિચારોમાં વિકૃતિ હોવાની સંભાવના વધતી જાય છે, પરિણામે ઈશ્વરથી અને ધર્મથી વિમુખ થતા જવાય છે અને મનમાં સંતાપ જન્મે છે. જો દુર્જનોની સોબત કરશું તો સંતાપની પ્રાપ્તિ થશે અને જો ગુણીજનોનો સંગ કરીશું તો સંતોષની પ્રાપ્તિ થશે. મનમાં ઉદ્‌ભવતા સંતાપને દૂર કરવાની શક્તિ પ્રાર્થનામાં રહેલી છે. સંપૂર્ણ શ્રધ્ધા, નિઃસ્વાર્થ ભાવના અને ભગવાન પ્રત્યેનો અસ્ખલિત પ્રેમ ભક્તને ભગવાન સાથે જોડી રાખે છે અને જે ભગવાન સાથે જોડાઈ જાય તેને દુઃખ અને સંતાપ કેવા ? તેને તો માત્ર સંતોષ સાથે આનંદ, આનંદ અને આનંદ જ પ્રાપ્ત થાય ! માટે શુધ્ધ અંતઃકરણથી શ્રીજી મહારાજ સાથે જોડાઈ જાઓ અને નિત્ય એવી પ્રાર્થના કરો કે તેમનાથી છૂટા ન પડાય !

સર્વ શક્તિમાન ભગવાન સ્વામિનારાયણે ભક્તોને આશ્વાસન આપ્યું છે કે, જે સાચા અંતઃકરણથી મારા શરણમાં આવે છે તેમના ભરણ પોષણની, સુખ-શાંતિની અને પ્રગતિની જવાબદારી હું સ્વીકારું છું. પ્રાર્થના સાથે સમર્પિત થઈ જનારનું શ્રીજી મહારાજ જતન કરે છે અને અક્ષરધામમાં સ્થાન આપે છે.

જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક–૪૩

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



**મનુષ્યના શરીરમાં કયા કયા અંગમાં કયા કયા દેવતાઓ પ્રવેશ કરીને રહ્યા ?**

"अग्निर्वाग्भूत्वा मुखं प्राविशत्.... ।"

- **અગ્નિદેવ** - શરીરની વાક્ ઈન્દ્રિયના માધ્યમથી પ્રવેશ કરીને મુખમાં રહ્યા.
- **વાયુ દેવતા** - પ્રાણવાયુના રૂપમાં નાસિકાના છિદ્રોના માર્ગથી પ્રવેશ કરીને સંપૂર્ણ શરીરમાં વ્યાપિ ગયા.
- **સૂર્ય દેવતા** - દૃષ્ટિના માધ્યમથી નેત્રોમાં સ્થાન ગ્રહણ કરીને તેમાં રહ્યા.
- **દિક્પાલ** - શ્રવણ શક્તિના રૂપમાં કાનોમાં પ્રવેશ કર્યો અને ત્યાં રહ્યા.
- **ઔષધિઓ ( વનસ્પતિઓ)** - ત્વચા (રોમ)ના રૂપમાં પ્રવેશ કરીને તેનું પ્રતિનિધિત્વ કર્યું.
- **ચન્દ્રમા** - મનનું રૂપ ધારણ કરીને હૃદયમાં પ્રવેશ કર્યો.
- **મૃત્યુ (યમ) દેવતા** - અપાનવાયુ (ગુદા માર્ગ) રૂપમાં નાભિ પ્રદેશમાં રહ્યા.
- **જળ દેવતા** - વીર્યના રૂપમાં જનન ઈન્દ્રિયમાં પ્રવેશ કરીને રહ્યા.

આ પ્રમાણે બધા દેવતાઓ માનવ શરીરમાં પોત પોતાનું સ્થાન નિર્ધારિત કરીને તેમાં પ્રવેશ કરીને રહ્યા. ત્યાર પછી પરમાત્માને ભૂખ અને તરસે પોતા માટે પણ રહેવાના સ્થાનની સગવડ કરી આપવાની પ્રાર્થના કરી ત્યારે પરમાત્માએ તે બન્ને માટે બધા દેવતાઓમાં ભાગ આપીને તેમને દેવતાઓની સાથે ભાગીદાર બનાવ્યા. જે મનુષ્ય યજ્ઞ સમજીને ભોજનરૂપી આહુતિ આપસે અને જે અન્ન ઈન્દ્રિયો દ્વારા કરાય છે તે દેવતાના ભોજનમાં ભૂખ અને તરસ બન્ને જ ભાગીદાર હોય છે.

(વાચક જિજ્ઞાસુ ભક્તો ! ઉપનિષદના આ જ્ઞાનને સમજવું અતિ જરૂરી છે કે ભગવાને દેવતાઓ માટે અગલથી અન્નજળાદિની ભોજન વ્યવસ્થા ન કરીને મનુષ્યાના ભોજનની સાથે દેવતાઓના ભોજનનો ભાગ રાખ્યો છે તેથી મનુષ્યોએ સમજવવું જોઈએ કે તેઓ જે ભોજન કરે છે તે માત્ર પોતા માટે નથી કરતા પરન્તુ મનુષ્યના ભોજનમાં દેવતાઓનો ભાગ છે. તેથી

જે કંઇ ભોજન કરો છો તે શુદ્ધ અને પવિત્ર અને શાસ્ત્રોમાં બતાવેલ ભક્ષ્ય કરવા યોગ્ય તેવું જ ભોજન કરવું જોઇએ. ભોજન કરવું એ માત્ર શરીરનું પોષણ નથી પરન્તુ એક મહાન યજ્ઞ છે જેમ કે શરીર એ અગ્નિકુંડ છે તેમાં અનેક દેવતાઓ રહે છે જ્યારે મનુષ્ય ભોજન કરે છે તે એક એક અન્નનો કોડીયો આહુતિ છે અને તે આહુતિનો દેવતાઓ પોતાના ભોજન રૂપે સ્વીકાર કરે છે તેથી ભોજન કરતી વખતે હું યજ્ઞ કરું છું અને એક એક કોડીયો રૂપે યજ્ઞમાં આહુતિ આપું છે એવી શુભ ભાવનાઓથી ભોજન કરવું જોઇએ ન કે ભોગ માટે ભોજન કરું છું. આવી યજ્ઞ ભાવનાથી મનુષ્ય જીવન જીવે તો તે મનુષ્ય ઉત્તમ ફળને પામે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ કહ્યું છે કે ભોજન કરતી વખતે એક એક કોડીયે ભગવાનનું નામ બોલતા જવું જેથી ભોજનનો કોડીયો યજ્ઞની આહુતિ બની જાય) .

**ત્રીજો ખંડ**

**અન્નને સર્જવાનો સંકલ્પ કર્યો.**

જુદા જુદા લોક અને લોકપાલ (દેવતાઓ)ને મનુષ્ય શરીરમાં સ્થાન આપીને હવે એમને માટે પરમાત્મા ભૂખ અને તરસની તૃપ્તિ માટે ખોરાક (અન્ન)ને સર્જવાનો સંકલ્પ કરીને પરમાત્માએ પૃથ્વી, જળ તેજ, વાયુ, આકાશ એમ પંચમહાભૂતોને તપાવ્યા - મંથન કર્યું. આ તપેલા પંચ ભૂતોથકી ડાંગર વગેરે અન્ન ઉત્પન્ન થાઓ એવો સંકલ્પ કર્યો, પૃથ્વ્યાદિ તપ્ત થયેલા જે સૂક્ષ્મ પંચભૂતો હતા તે સ્થૂળ સ્વરૂપ ધારણ કર્યું તે અન્ન રૂપે (મૂર્તરૂપે) થયા. દેતવાઓ માટે ભોગ્ય અન્નનું સર્જન કર્યું.

**અન્નને ગ્રહણ કરવાનો માર્ગ**

(૧) ઉત્પન્ન થયેલું અન્ન એ ભોક્તાપુરુષને જોઇને દૂર નાસી જવા તૈયાર થયું ત્યારે મનુષ્ય તેને મેળવી લેવા માટે વાણી વડે પ્રયત્ન કર્યો પણ વાણી વડે તેને મેળવી શક્યો નહી. જો અન્નને વાણી વડે મેળવી શક્યો હોત તો આજે પુરૂષ અન્નનું વર્ણન કરવા માત્રથી તૃપ્ત થઇ જાત.

(૨) ત્યારપછી અન્નને ઘ્રાણેન્દ્રિય દ્વારા ગ્રહણ કરવાનો પ્રયત્ન કર્યો પરન્તુ તેના દ્વારા પણ ગ્રહણ ન કરી શક્યો. જો અન્નને ઘ્રાણેન્દ્રિય દ્વારા ગ્રહણ કરી શક્યો હોત તો અત્યારે પણ મનુષ્ય અન્નને સૂંઘીને તૃપ્ત થઇ જાત.

(૩) ત્યારપછી અન્નને આંખોથી પકડવાની ઇચ્છા કરી પરન્તુ આંખોથી પકડી શકાયું નહી. જો અન્નને આંખોથી લઇ શક્યો હોત તો અવશ્ય અન્નને જોઇને જ મનુષ્ય તૃપ્ત થઇ જાત.

(૪) ત્યારપછી પુરુષ અન્નને કાનો દ્વારા પકડવાનો પ્રયત્ન કર્યો પરન્તુ તેવું કરી શક્યો નહી, જો કાનો દ્વારા અન્નને ગ્રહણ કરી શકતો હોત તો આજે પણ મનુષ્યો માત્ર અન્નનું નામ સાંભળીને જ તૃપ્ત થઇ જાત.

(૫) ત્યાપપછી મનુષ્ય ચામડી દ્વારા અન્નને ગ્રહણ કરવા પ્રયત્ન કર્યો પરન્તુ ચામડી દ્વારા અન્નને ગ્રહણ કરવા સમર્થ થયો નહી, જો ચામડી દ્વારા અન્નને ગ્રહણ કરી શકત તો આજે માત્ર અન્નનો સ્પર્શ કરવા માત્ર થી જ તૃપ્ત થઇ જાત.

(૬) ત્યારપછી અન્નને મનથી ગ્રહણ કરવાનો પ્રયત્ન કર્યો પરન્તુ મનથી અન્નનું ગ્રહણ ન કરી શક્યો જો મનુષ્ય અન્નને મનથી ગ્રહણ કરી શકત તો આજે પણ મનુષ્ય અન્નનું માત્ર ચિંતન કરીને તૃપ્ત થઇ જાત.

(૭) ત્યારપછી અન્નને જનનેન્દ્રિય લિંગ દ્વારા ગ્રહણ કરવાનો પ્રયત્ન કર્યો પરન્તુ તેના દ્વારા ગ્રહણ કરવા માટે સમર્થ થયો નથી. જો ઉપસ્થ લિંગ દ્વારા અન્નને ગ્રહણ કરી શકત તો અવશ્ય આજે પણ મનુષ્ય અન્નનો ત્યાગ કરીને તૃપ્ત થઇ જાત.

(૮) અન્તમાં મનુષ્ય મુખ દ્વારા અન્નને ગ્રહણ

કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે આ વખતે મુખ દ્વારા અન્નનો ગ્રહણ થઇ ગયો તેથી આજે પણ અન્ન મુખ દ્વારા ગ્રહણ કરીને મનુષ્ય તૃપ્ત થાય છે. તેથી મુખ જ અન્નને ગ્રહણ કરવાનો માર્ગ બન્યો છે.

**પરમાત્માએ શરીરમાં પ્રવેશ કરવાનો સંકલ્પ કર્યો.**

સૃષ્ટિનું સર્જન કરનાર પરમાત્માએ વિચાર કર્યો કે - જો આ શરીરમાં (મનુષ્યાદિ જીવપ્રાણી માત્ર) મારા વિના કઇરીતે રહી શકશે ? કેવી રીતે તેનું અસ્તિત્વ ઘટી શકે, માટે મારે તેમાં અનુપ્રવેશ કરીને રહેવું જોઇએ. એવી રીતે  વિચાર કરીને એમ વિચારતા ક્યા માર્ગથી પ્રવેશ કરું ?

**બ્રહ્મરંધ્ર બ્રહ્મને પ્રવેશ કરવાનું દ્વાર બન્યું.**

એક પછી એક મુખ, નાસિકા, નેત્ર, કર્ણ વગેરે ઇન્દ્રિયો  દ્વારા પ્રવેશ કરવાનું વિચાર્યું પરન્તુ આ બધાં દ્વાર પ્રવેશ કરવા યોગ્ય નથી એવું વિચારીને અંતે પરમાત્માએ મસ્તકનું ઉચ્ચ સ્થાન બ્રહ્મરંધ્રને ચીરીને સુષુમ્ણા નાડી દ્વારા મનુષ્યના હૃદયમાં પ્રવેશ કરીને નિવાસ કર્યો. (નવજાત બાળકના મસ્તકનો ઉપરનો ભાગ જે સ્પર્શ કરવાથી અતિ કોમળ લાગતો હોય છે તે જ પરમાત્માને પ્રવેશ કરવાનો માર્ગ છે. તેથી આજનું મેડીકલ વિજ્ઞાન  પણ સાબિત કર્યું છે કે મનુષ્યા મસ્તકના ઉપરના ભાગમાં ક્યારેય પણ ઘાત (માર)ન કરવો જોઇએ  કારણ કે આ ભાગ અતિ કોમળ અને શરીરમાં આત્મા અને પરમાત્માને પ્રવેશ કરવાનું મુખ્ય દ્વાર છે. આહીં ઘાત કરવાંથી શરીરમાં સંચાલન કરવાની વ્યવસ્થા છિન્નભિન થાય છે અને મનુષ્યનું મસ્તિસ્ક બેકાબુ બની જાય છે.) મસ્તકનો આ ભાગ વિદીર્ણ કરીને બનાવવામાં આવ્યો છે તેથી **વિદૃતિ** એવા નામથી પ્રસિદ્ધ છે. આ જ વિદૃતિ અથવા બ્રહ્મરંધ્ર યોગ સાધનાના ષટ્ચક્ર ભેદનમાં અંતિમ પડાવ છે. એક પછી એક ચક્રને ભેદતાં આહિં પહોંચવાથી યોગી અસીમિત આનંદનો અનુભવ કરે તેથી બ્રહ્મ પ્રાપ્તિનું દ્વાર કહેલું છે. આ સ્થાન **સહસ્રદલ કમલ** એવા નામથી પ્રસિદ્ધ છે.

**શરીરમાં પરમાત્માનું નિવાસ સ્થાન.**

શરીરમાં જીવાત્મામાં અનુપ્રવેશ અર્થાત્ જીવાત્મા દ્વારા પ્રવેશ કરેલ પરમાત્માના ત્રણ આશ્રય સ્થાનો છે. જાગ્રતમાં નેત્ર સ્થાન, સ્વપ્નમાં કંઠ સ્થાન અને સુષુપ્તિમાં હૃદય સ્થાન છે. પરમાત્માએ શરીરમાં પ્રવેશ કર્યા પછી જીવાત્માએ પોતાના અસ્તિત્વનો અનુભવ કર્યો અને વિચાર્યું કે આ વિચિત્ર જગતની રચના કરનાર બીજો કોણ છે ? આવો વિચાર કરીને જીવાત્માએ પોતાના હૃદયકાશમાં અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્મા સર્વવ્યાપી બ્રહ્મના રૂપમાં જોયા અને જીવાત્માને અતિ આનંદ થયો કે સર્વના સષ્ટા સર્વેશ્વરને મેં જોઈ લીધા.

વચનામૃત ગ.પ્ર.૧૩મું **"જીવ જીવ પ્રત્યે અંતર્યામિરૂપે રહ્યા છે." " એ ભગવાન અંતર્યામિરૂપે કરીને સમગ્ર જીવ જીવ પ્રત્યે રહ્યા થકા જે દેહથકી જેમ ઉપજ્યાની રીત હોય તેમ બીજા દેહને ઉપજાવે છે."**

**ક્રમશઃ**

## જૂન મહિનાની આગામી કથાઓ

| તારીખ | ગામ | યજમાનશ્રીઓ |
|---|---|---|
| ૩-૬-૧૫ | મદનપુર | સત્સંગિજીવન કથા પારાયણ દિવસ પાંચની |
| ૧૭-૬-૧૫ | ભારાસર | પંચાહ્ન પારાયણ |
| ૧૯-૬-૧૫ | માધાપર | કથા પારાયણ દિવસ ત્રણની |
| ૨૩-૬-૧૫ | ભુજ | સત્સં ગિ જીવન પારાયણ દિવસ ૭ની |

# સતીગીતામાં સ્ત્રીઓના ધર્મો

અહેવાલ : રાધાબેન રા. ગોળવિયા, સુરત (વેળાવદરવાળા)

સત્સંગિજીવન ગ્રંથમાં પતિવ્રતા સ્ત્રીઓના ને વિધવા સ્ત્રીઓના જે ધર્મો વેદશાસ્ત્રોમાં વર્ણવેલા છે તે સ.ગુ. શતાનંદ મુનિએ બહુ જ સારી રીતે સમજ આપી છે જે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે લખેલી શિક્ષાપત્રીમાં શ્લોક ૧૫૯ થી ૧૬૨માં સધવા સ્ત્રીઓના ધર્મો, ૧૬૩ થી ૧૭૨ સુધીના શ્લોકમાં વિધવા સ્ત્રીઓના ધર્મો અને ૧૭૩ થી ૧૭૪માં સધવા વિધવા સ્ત્રીઓના સામાન્ય ધર્મો લખ્યા છે. જે સ્ત્રીઓને દીવાદાંડીરૂપ છે. તેમજ વચનામૃત ગ.અ.પ્ર. ૨૫માં વચનામૃતમાં રાજબાઈએ પૂછેલ મહારાજને પ્રશ્નના ઉત્તરમાં મહારાજે બાઈ માણસ હોય ને તે પોતાના અંગને ઢાંકીને લજ્જા સહિત વર્તે તે અમને ગમે. તથા ચાલે ત્યારે નીચી દૃષ્ટિ રાખીને ચાલે, પણ ફાટી દૃષ્ટિ રાખે નહીં. તે ગમે તેમ વાત કહીને સ્ત્રી ભક્તોને તેમના ધર્મો, મર્યાદા માટે ઘણું ઘણું જ કહી દીધું છે જે મુક્તાનંદ સ્વામીએ પોતે લખેલ 'સતીગીતા'માં શ્રી નારાયણમુનિ અને શિવરામ વિપ્રના સંવાદે સધવા અને વિધવાના ધર્મો પૂર્વે કૈલાશમાં શિવજીની હાજરીમાં પાર્વતીજીએ ગંગા આદિકને ઉદેશીને કહેલ ધર્મને સતીગીતામાં વર્ણવ્યા છે જે ઘણાંજ ટૂંકમાં જે આ પૃથ્વીમાં મહાન સુખને ઈચ્છનાર એવી સ્ત્રીઓના હિતને કરનાર છે.

સધવા અને વિધવા બે પ્રકારની સ્ત્રીઓ હોય છે. કુળરૂપ તથા ગુણ એ વડે યોગ્ય એવા વરને જોઈ યથાવિધિ કન્યાદાન કર્યું હોય તેવી સ્ત્રીને સધવા કહે છે. અને કાળની ગતિથી જે સ્ત્રીઓનો પતિ મરણ પામ્યો હોય તેને વિધવા કહેલ છે. સધવા સ્ત્રીમાં પણ બે પ્રકાર છે એક પ્રતિવ્રતા સ્ત્રી પતિને જ પરમેશ્વર કે બધું જ માને તેને પ્રતિવ્રતા કહી છે. જ્યારે કુલ્ટા પોતાના પતિવિના બીજા પુરુષ સાથે રમે તેને કુલ્ટા કહી છે. કુલટામાં સ્વૈરીણી એટલે કે પોતાના જ વર્ણના પુરુષમાં મોહ પામે છે તે. કામીની જે પોતાના વર્ણના કે બીજા પુરુષોમાં પોતાના સબંધી એવા પુરુષોમાં પણ વ્યભિચાર કર્મ કરે તે. આવી કુલ્ટા સ્ત્રીઓ મરણ પામીને એક કલ્પ (હજારો વર્ષની ગણત્રી છે) સુધી યમપુરીમાં દુ:ખ ભોગવે છતાં સદ્‌ગતિ થતી નથી.

જે સ્ત્રીનું વ્રત પતિ એ જ છે તેને પ્રતિવ્રતા કહી છે. પ્રાણથી પણ પતિ વહાલો હોય તેનો પતિ તેને દેવ દૈત્ય તે બીજા મનુષ્યથી અધિક હોય છે. તેણે સદાય પ્રીતિપૂર્વક ઈશ્વરબુદ્ધિથી તેની સેવા કરવી. તથા તપ, પૂજા, હોમ હવન વગેરે પતિની આજ્ઞા અને રાજીપાથી કરવું. પતિનું નામ દઈ કદી બોલાવવો નહીં. તેથી આયુષ્ય ઓછું થાય છે તેના નામ જેવો બીજો પુરુષ હોય તો પણ તેનું નામ ન લેવું. પ્રતિવ્રતા સ્ત્રીએ અતીથી, ગાય, ભિક્ષુક, વડીલો અને ચાકર વર્ગને અન્ન જમાડી પછી જ જમવું. બ્રાહ્મણ, દુર્બળ, દીન, અંધ, સાધ્વી વગેરેને અન્ન વડે પોષવા. ઘરના કામમાં હોશિયાર રહેવું ઉડાવ ન થવું. પતિને પૂછ્યા વગર ઉપવાસ આદિક વ્રત ન કરવા. પ્રતિવ્રતા કે સારા આચારવાળી સભાના મોટા ઉત્સવો તથા વિવાહ તથા તીર્થમાં પણ એકલા ક્યારેય ન જવું ભ્રષ્ટ થવાનો સંભવ છે. પતિ સુખેથી બેઠા હોય કે સૂતા હોય તો તેને ઉઠાડવા નહિ આમાન્યા રાખવી.

રજસ્વલા ધર્મ નિયમ પ્રમાણે પાળવો. પતિના આયુષ્યની વૃધ્ધિ માટે શરીરના શોભારૂપ ઘરેણાં મંગળસૂત્ર આદિક સેંથો સિંદુર, કપાળમાં કુમકમાદિકનો ચાંદલો ક્યારેય ત્યાગ ન કરવો. ધોબણ સાથે, સારા કામમાં શંકા નાંખનારી સાથેના અશ્રધ્ધાળુ સાથે દુર્ભાગી સ્ત્રી સાથે, વિશ્વાસઘાતી સાથે કયારેય મિત્રતા ન કરવી. આમ તેમ ડાફોળીયા મારતી, હીજડો તેની સાથે સખીપણું ન કરવું, વ્યસની, વેશ્યા, ક્રોધ કરનારી, વ્યભિચારવાળી, ચંચળ સ્વભાવવાળી, બહુ બોલકી, બહુ ખાનાર સાથે પ્રતિવ્રતાએ ક્યારેય મિત્રતા ન કરવી.

પતિવ્રતા સ્ત્રીએ ક્યારેય એકલા ન રહેવું, વસ્ત્ર વિહોળું સ્નાન ન કરવું, સાવરણી કે ઘંટી ઉપર ન બેસવું, સાંબેલા કે ખાંડણીયા ઉપર ન બેસવું, ઉંબરા ઉપર ન બેસવું, પતિ આગળ ઊંચા આસને ન બેસવું, પારકે ઘેર બેસવા ન જવું, અસભ્ય કે અશુભ શબ્દો ક્યારેય ન બોલવા, વડીલો સાથે નમ્રતાથી વર્તવું તેની સાથે ઉચ્ચ સ્વરે ન બોલવું, પરપુરુષ સાથે ઊંચેથી વાત ન કરવી તેમજ સ્પર્શ પણ ન કરવો. પોતાનો પતિ દુઃખી હોય, નપુસંક હોય, રોગી હોય, કંકાસવાળો હોય, કુરૂપ હોય છતાં પતિમાં જ રાજી રહેવું. તેના રાજીમાં રાજી રહેવું તેના દુઃખમાં દુઃખી થવું. પતિવ્રતાસ્ત્રીઓએ ધર્મલોપ ન કરવો જે લોપ કરવાથી શું ફળ ભોગવવું પડે છે તે શાસ્ત્રોમાં નિર્ણય આપેલો છે.

જે સ્ત્રી વ્યભિચાર કરે, પર પુરુષ સાથે હેત રાખે તેમે માટે પ્રતિવ્રતા શબ્દ જ નાશ પામેલો છે એનું પ્રાયશ્ચિત નથી. જો કે મોટા ઋષિમુનિઓએ કહ્યું છે, આવી યોનિ દુષ્ટા સ્ત્રી એક હજાર કલ્પે (કેટલાયે કરોડ વર્ષોએ) પણ ગતિ પામતી નથી અને હજારો વાર પશુ પક્ષીની યોનિને પામે છે. જે સ્ત્રી પતિ સામે થઈ ક્રોધથી જવાબ આપે છે ચે કૂતરી થઈ ભટકે છે કે વનની શિયાળવી થાય છે અને જે સ્ત્રી પોતાના પતિને મૂકીને એકલી અથવા બીજા સાથે રખડે છે તેને વૃક્ષની બખોલમાં રહેનારી ઘુવડીનો જન્મ આવે છે. જે સ્ત્રી પુરુષને સામે મારવાની ઈચ્છા રાખે તે ઉંદરને મારી ખાનારી ઘાતકી બિલાડી થાય છે. જે સ્ત્રી બીજા પુરુષ ઉપર કામ બાણ ફેંકે કે બીજા પુરષને લલચાવે કે તેવી ચેષ્ટા કરે તે કાંણી થાય છે. પોતાના પતિને છોડી એકલી એકલી મિષ્ટાન્ન જમે તે ગામમાં રખડતી ભૂંડણની યોનિને પામે છે. જે પોતાના પતિને તુકારે બોલાવે તે મુંગી અથવા વાગોળ થાય છે. આવી દુષ્ટ આચારવાળી સ્ત્રી પોતાનું, માતા-પિતાનું એમ ત્રણ કુળને નરકમાં નાખે છે. આવા ઘણાજ ધર્મો નિયમો બતાવ્યા છે તેમાંના યત્કિંચિત્ અહીં વર્ણવ્યા છે.

વિધવા સ્ત્રી પરમેશ્વરની ભક્તિ પરાયણ રહેવું પ્રભુને જ પોતાનો પતિ, માલિક, ઈષ્ટદેવ માની રાખવો, ભજન કરવું. વિધવા સ્ત્રીઓએ પોતાના વડીલો, પુત્ર વગેરેની આજ્ઞામાં વર્તવું. સ્વૈચ્છિક ન વર્તવું. વિધવાએ વાળ ન રાખવા, મુંડન કરાવવું અથવા બિલકુલ નાના વાળ રાખવા જો વિધવા સ્ત્રી ચોટલાનું જતન કરે તો તે ચોટલો પોતાના મૃત પતિનું ફાંસીના દોરડા સમાન છે. વિધવા સ્ત્રીઓએ એક જ વાર ભોજન કરવું, ખાટલે સૂવું નહીં, જ્યાં પુરુષો વધુ રહેતા હોય ત્યાં ઉપર કે નીચે સૂવું નહી. ઈન્દ્રિયોને ઉત્તેજિત કરે તેવા પદાર્થો ખાવા નહીં. જાતભાતના કે કુસુંબી વસ્ત્રો કે સોનાના તારના ઝીણા વસ્ત્રો ક્યારેય ન પહેરવા. હાથ, પગ, દાંતને ક્યારેય રંગવા નહીં. સંન્યાસીની કે નાચનારી કે નપુંસક જેવો વેશ ક્યારેય વિધવાએ ન ધારવો. ક્યારેય એકલા કોઈ જગ્યાએ (સિવાય કે સત્સંગ ધર્મસભા) જવું નહીં. હાસ્ય મશ્કરી કોઈની ન કરવી. પાપીણી એવી સ્ત્રીઓની મૈત્રી ન રાખવી. પુરુષ જાતિના પશુ હોય તો પણ જાણીને જોવા નહી. પરપુરુષથી હંમેશા એક ધનુષ્ય (ત્રણ હાથ) દૂર ચાલવું.

વિધવાની આજીવિકા માટે ખેતી કે કાંઈ ઉદ્યમ હોય તે માટે કોઈની નોકર ચાકર વર્ગ સાથે બોલાય તો તે સમયે છૂટ છે અને ધર્મશાસ્ત્રોમાં અને વિશેષે ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં વિધવાને ખાસ આજ્ઞા કરી કે છૂટ આપી છે કે પોતાના જીવન વ્યવહાર થી વધારે રકમ પોતાની પાસે હોય તો ધર્મકાર્ય પુણ્યકાર્યમાં આપવું. જો જીવન વ્યવહારથી ઓછું હોય કે બરાબર હોય તો ક્યારેય ધર્મકાર્યમાં ન આપવું. કારણે કે પછી જીવનનિર્વાહ માટે પારકાનો આશ્રય કરવો પડે તેનાથી મજબૂરીથી ભ્રષ્ટ થવા સંભવ છે.

આ ઉપરાંત સધવા અને વિધવા બંને જાતિની સ્ત્રીઓએ ઘણી જ મર્યાદાઓ પાળવાની ધર્મશાસ્ત્રોમાં સત્સંગીજીવનમાં, શિક્ષાપત્રીમાં, સતીગીતામાં લખેલી છે. જપ, તપ, વ્રત, નિયમો પાળવાના હોય છે જે શાસ્ત્રોમાં અવાર નવાર લેખો દ્વારા આવતા હોય છે.

પતિવ્રતાના શરીરે જેટલા રૂવાડા(વાળ) હોય તેટલા કરોડ વર્ષ પતિ સાથે સ્વર્ગનું સુખ ભોગવે છે. પતિવ્રતા સ્ત્રીને વશિષ્ઠ મુનિના પત્ની અરૂધંતી કે બ્રહ્માની પત્ની સાવીત્રી કે અત્રીમુનિના પત્ની  અનસૂયા જેવા ઉપમા આપી છે. તદ્ઉપરાંત  આવી પતિવ્રતા સ્ત્રીને ગૌતમમુનિની પત્ની અહલ્યા, હિમાલયની પત્ની મેના, શિવપત્ની પાર્વતી, ઉતાનપાદની પત્ની સુનીતિ, સૂર્યપત્ની સંજ્ઞા, ચંદ્રપત્ની સ્વાતી, અગ્નીની પત્ની સ્વાહા તેની સાથે લેખી છે. આવી પ્રતિવ્રતા સ્ત્રીને એમ કહેવાયું છે કે આવી પુણ્યશાળી નારીના ચરણોમાં ગંગા આદિક જેટલા તીર્થો છે તે રહેલા છે. સમસ્ત  દેવતાગણ તથા તપસ્વીઓનું તેજ આવી પતિવ્રતા સ્ત્રીના શરીરમાં રહેલું છે. પતિવ્રતા સ્ત્રીના ચરણની રજથી પૃથ્વી પણ તત્કાળ પવિત્ર થાય છે અને પાપીમાં પાપી માણસ જો પતિવ્રતા સ્ત્રીને નમન કરે નમસ્કાર કરે તો તે તત્કાળ પાપથી મુક્ત થાય છે. સદાય મહાપુણ્યવતી એવી પતિવ્રતા સ્ત્રી જે પોતાના પ્રતાપથી આવી ત્રિલોકી (સ્વર્ગ, મૃત્યુલોક અને પાતાળ) ધારે તો બાળીને ભસ્મ કરી શકે  છે. જોકે અમુક સ્ત્રીઓ અત્યારે કૂતરી જેવી જોવા મળે છે જે કળિનો પ્રભાવ છે. પણ પતિવ્રતા એવી સ્ત્રીને ધન્ય કહી છે. જેના ચરણકમળને દેવીઓ પણ વંદન કરે છે.

જે સ્ત્રી આ સતીગીતાનો ઉપદેશ સાંભળે તેને અનુસરે પાઠ કરે તો જરૂર પતિવ્રતા થઈ શકે છે. ભગવાન તેને પતિવ્રતા થવાનું બળ પ્રેરે છે. આવી સતીગીતામાં સ્ત્રીઓના શીલને રક્ષણ કરતા, હિત કરે એવા ધર્મો કહ્યા છે. માટે દરેક સ્ત્રી વર્ગે ધ્યાનમાં લેવા અનુસરવું.

# શ્રીનરનારાયણદેવનો મહિમા

**અહેવાલ :- નીતા રમેશ ભુવા, સુખપર (જૂનોવાસ)**

આપણા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન આપણા આરાધ્ય દેવ શ્રીનરનારાયણ ભગવાન ભક્તજનો ભગવાન શ્રી સ્વામિનારાયણે કૃપા કરી આપણને શ્રીનરનારાયણદેવ બાથમાં ઘાલીને પધરાવી આપ્યા છે કચ્છ વાસીના સુખને માટે.

આપણે કેટલા ભાગ્યશાળી છીએ આપણને આવા મોટા ભરતખંડના રાજા શ્રીનરનારાયણદેવ મળ્યા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણને કચ્છ દેશ બહુ જ વહાલો હતો. કચ્છ ચાગલો દેશ છે જેમ માતા પોતાના ચાગલા અને લાડલા બાળકને કાખમાં તેડે ને તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ કચ્છને કાંખમાં તેડ્યો છે. ભક્તો મોક્ષનું સાધન કરવું હોય ને તો ભરતખંડની અંદર જ થાય છે કેમ કે આ ભારત દેશ ઋષિમુનિઓનો દેશ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ આ કચ્છની ધીંગી ધરતી ઉપર સાત-સાત વર્ષ સુધી અડવાણે પગે ફર્યા છે ને આ કચ્છની ભૂમિકાને પાવન કરી છે. કચ્છને સમૃધ્ધ કરવા માટે આપણને શ્રીનરનારાયણદેવ પધરાવી આપ્યા ને પછી એમ બોલ્યા જે મારામા અને આ મૂર્તિમાં જરાય ભેદ ન જાણજો એમ કહી શ્રીજી મહારાજ મૂર્તિ સામું જોયું શ્રીનરનારાયણદેવ અને મહારાજનું તેજ એક થયું. પછી ભક્તોને કહ્યું હું અખંડ આ મૂર્તિમાં વાસ કરીને રહીશ. તમે જે પણ કાંઈ શ્રીનરનારાયણદેવને અર્પણ કરશો તે બધું અમને મળશે.

શ્રીજી મહારાજ ગ.પ્ર.પ્ર.ના ૪૮માં વચનામૃતમાં કહે છે સત્સંગી માત્રને શ્રી નરનારાયણદેવની મૂર્તિ કાગળમાં લખાવી દઈશું. તે પૂજજો એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે. આ મૂર્તિ ક્યારે અપૂજ રહેવા દેશોમાં અમારે અને શ્રીનરનારાયણદેવને સીધો મન મેળાપ છે. પંચ વર્તમાનમાં રહીને શ્રીનરનારાયણદેવની પૂજા કરશે તેનામાં અમે અખંડ વાસ કરશું. અમારામાં અને શ્રીનરનારાયણદેવમાં લગારે ભેદ

ન સમજશો અને જો ભેદ માનશો તો નરકમાં જશો.

**ઋષિરુપધરં તપશ્ચરં, હ્યવમન્યેત કદાપિ કશ્ચન ।**
**સભવેત્ સતતં ચ નારકી, નરનારાયણદેવ પાહિમામ્ ॥**

જે અમે પધરાવેલ શ્રીનરનારાયણદેવને ઋષિ માનશે તે ઘોર નરકમાં પડશે પડશે ને પડશે જ. શ્રીજી મહારાજ કહે આ શ્રીનરનારાયણદેવ તે બીજો કોઈ નહિ હું પોતે જ છું.

શ્રીજી મહારાજ ગ.પ્ર.પ્ર. ૮ વચનામૃતમાં કહે છે, શ્રીજી મહારાજ કહે જેને ઉર્ધ્વરૈતા જે શ્રીનરનારાયણદેવના અનન્ય ભક્ત હશે તે ભજનને પ્રતાપે કરીને દ્રઢ બ્રહ્મચર્યવાળા થાય છે બાકી બીજાથી થવાતું નથી. માટે આપણે શ્રીનરનારાયણદેવ મળ્યા છે તેતો મહાપ્રતાપી છે એમના થઈને રહેવું.

ભક્તજનો દુઃખ પડેને તો ક્યાંય દોડીને ન જજો. આ શ્રીનરનારાયણદેવ પાસે આવજો તમારા બધા દુઃખ દૂર કરી નાખશે. સદાયને માટે સુખીયા કરી દેશે. શ્રીનરનારાયણદેવ તો આપનો બાપ છે બાપ. અને બાપ ક્યારેય પોતાના બાળકને દુઃખી ન જોઈ શકે. આપનો બાપ પોતે બદ્રિકાશ્રમમાં તપ કરીને આપણને સુખ આપે છે. હજારો અનો લાખો માણસો આ શ્રીનરાનારાયણદેવના દરબારમાંથી ધામમાં જાય છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે આપણને આ શ્રીનરનારાયણદેવ ન આપ્યા હોત ને તો આ કચ્છ એમનો એમ કંગાલ રહી જાત. જ્યાં સુધી ભગવાનનો અને સંતનો પૂરેપૂરો મહિમા નહિ સમજાયને ત્યાં સુધી જેવો જોઈએ તેવો સત્સંગમાં આનંદ નહિ આવે. માટે મહિમા પૂરો સમજજો. શ્રીનરનારાયણદેવ તો પ્રગટ છે. શ્રીનરનારાયણદેવની ધજા ચડાવે એના ય કામ થાય છે. તો પછી આ દેવ અમારા છે સાક્ષાત્ ભગવાન પ્રગટપણે બિરાજે છે એમ સમજી ઉપાસના કરશું તો જ અંતે ધામ મળશે.

શ્રીજી મહારાજ અમદાવાદના ૪ વચનામૃતમાં કહે છે, અનંતકોટિ બ્રહ્માંડના નિયંતા પુરુષોત્તમનારાયણ તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે શ્રીનરનારાયણરૂપે પ્રગટ થઈને બદ્રીકાશ્રમને વિષે તપ કરે છે ને એ શ્રીનરનારાયણદેવ સર્વે અવતારના કારણ છે એને વિષે મરણ ભાવ કલ્પે છે તે નરકમાં પડે છે.

વાચકો ! ભાવ સારો રાખજો. જેવો ભાવ એવું ફળ મળે છે. એક વખત ચોક્કસ ભુજ દર્શન કરવા માટે જજો. બહુ આનંદ થશે. અંદર પ્રવેશ કરો એટલે કેવો દિવ્ય ગેટ, અંદર જાઓ તો દિવ્ય વિશાળ આંગણું, એમાં શ્વેત આરસનું દિવ્ય મંદિર, એમાં સોનાના દિવ્ય દરવાજા, દરવાજો ખૂલ્લે એટલે શ્રીનરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, ધર્મ-ભક્તિ, સુખશય્યાના દર્શન થાય. ભક્તો દર્શન કરીને કૃતાર્થ થાય. કેટલો મહિમા ગાઈએ આ શ્રીનરાનારાયણદેવનો. શેષ શારદા પણ ભગવાનનો પૂરેપૂરો મહિમા ગાઈ શક્યા નથી તો આપણે તો શું ગાઈએ. આપણને હંમેશા આવોને આવો મહિમા રહે એવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# જાવ સાધુ થઈ જાવ અહીં શું કુટાઓ છો ?

અહેવાલ :- રસિકભાઈ રા. ગોળવિયા,
સુરત(વેળાવદરવાળા)

સત્સંગમાં સહુપ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણે ત્રણશિખરનું મંદિર કરાવી ભરતખંડના રાજા એવા અધિષ્ટાદેવ બદ્રીપતિ શ્રીનરનારાયણદેવ પધરાવી સ. ૧૮૭૮ના ફાગણ સુદ-૩ના રોજ પ્રતિષ્ઠાની આરતી ઉતારી. ભરતખંડના મનુષ્યો માટે ઉપસનાનું કેન્દ્ર અને કલ્યાણનો દરવાજો ખૂલ્લો મુક્યો. તે નિમિત્તે ઘણા જ સંતો, ભક્તો, ભુદેવો અમદાવાદ

ગ્રામજનો જમ્યા પ્રસાદ લીધો. પણ શ્રીહરિને ઈચ્છા થઈ કે આવું મોટું શ્રીનગરમાં પ્રથમ મંદિર કરી પ્રતિષ્ઠા કરી તો તે નિમિત્તે બ્રાહ્મણોની ચોરાશી કરીએ. ચોરાશીનું નક્કી થયું. ભૂદેવોને પણ જમવા આવવા આમંત્રણ પાઠવ્યા. ભૂદેવોએ સમયમર્યાદાની થોડી અનાકાની કરી મહારાજે કોઈ મોટા માણસને વચ્ચે રાખી કહ્યું. તૈયારી કરવી એ અમારી જવાબદારી લાડુ જમવા એ તમારી જવાબદારી. સર્વે આગેવાન બ્રાહ્મણોએ આમંત્રણ માન્ય કરી સારું મહારાજ જરૂર જમવા આવશું તેમ આમંત્રણ સ્વીકાર્યું.

પછી બ્રાહ્મણો ગયા મહારાજ અને અમદાવાદના અગ્રગણ્ય ભક્તો અને મોટેરા સંતો સભામાં બેઠા હતા. ત્યારે મહારાજે અમદાવાદના લાલદાસ ગોરા જે નવાવાસમાં રહેતા હતા. ધનાઢ્ય પાંચમાં પૂછવા લાયક માણસ હતા તેમને પૂછ્યું કે લાલદાસ તમારા પાસે રૂપિયા કેટલા છે ? લાલદાસ કહે મહારાજ સાત હજાર છે. મહારાજ કહે તો અમારે બ્રાહ્મણની ચોરાશી કરવી છે તેમાં ઉછીના જોઈએ છીએ તો આપશોને પછી પાછા આપી દેશું ! લાલદાસ કહે મહારાજ આપું તો ખરો પણ મારે ઘેર પૂછવું પડશે કાલે આપને ચોક્કસ કહીશ અને બનશે તો આપીશ.

પછી લાલદાસ ઘેર ગયા તેમના પત્ની કંકુબાઈ ઉર્ફે લીલાબાઈને કહ્યું કે આપણી પાસે સાત હજાર રૂપિયા પડ્યા છે તે મહારાજ બ્રાહ્મણોની ચોરાસી કરવાના છે તેથી જરૂર છે તો ઉછીના માંગે છે તે શું કરવું ? આપવા કે નહીં ? કંકુબાઈ સત્સંગના રંગે રંગાયેલા હતા. ઈષ્ટદેવના માટે કોઈ વસ્તુ પદાર્થ કે રૂપિયા કામમાં આપવા પડે તે રાજી થતા. પ્રેમી સ્ત્રી ભક્ત હતા. લાલદાસે પૂછ્યું તરત જ ધડાકે બોલ્યા જે મહારાજ આપણી પાસે રૂા. સાત હજાર માંગે છે કદાચ ઘર મકાન પણ માંગે કે ખુદ આપણને પણ કાયમ સેવામાં માંગી લે તો પણ તે વાતે મને પૂછવા આવવાનું હોય ? આવી નિષ્ઠાથી ખુમારી ભરી વાત કરી અને લાલદાસને ઠપકો આપ્યો કે હે પતિદેવ તમોને ભગવાને આપ્યા છે તે ભગવાને માંગ્યા અને તેના આપેલા તેને આપવાના છે તેમાં તે વળી મને પૂછવા શું આવવાનું હોય ? તમોએ તો મને લજ્જિત કરી ! જાવ અહીં શું કુટાઓ છો ? મહારાજે માંગ્યા અને આપવા મને પૂછવા આવ્યા તો સાધુ થઈ જાવું હતું ને ? શું પૂછવા આવ્યા ? આવો ઠપકો આપ્યો.

પછી લાલદાસ ગોરે રૂા. સાત હજારની કોથળી ભરી લઈ જઈ મહારાજ આગળ મૂક્યા. મહારાજ અંતર્યામી પણે બધું જ જાણતા હતા. ઘરના મનુષ્યે શું ઠપકો આપ્યો ? મહારાજે તે ઉછીના તરીકે સ્વીકાર્યા અને અમદાવાદમાં મહાનમોટી કોઈએ ક્યારેય ન કરી હોય તેવી ચોરાશી કરાવી અસંખ્ય બ્રાહ્મણોને તેડાવી સારુપેટે ઘી સાથે લાડુ જમાડી તૃપ્ત કર્યા અને મનમાની દક્ષિણાઓ આપી રાજી કર્યા. બ્રાહ્મણો કહેવા લાગ્યા જય હો જય હો. સ્વામિનારાયણનો જય હો. આવી ચોરાશી કોઈએ કરી નહોતી, કોઈએ આવી દક્ષિણા આપી નહોતી.

ચોરાશીનું કામ પત્યા પછી જે પૈસા વધ્યા કે આગેવાને કાર્યકરો ગણવા લાગ્યા. તો ભેટમાં રૂપિયા સાત હજારને એક રૂપિયો આવેલો હતો. તેથી મહારાજે લાલદાસને બોલાવી કહ્યું લ્યો આ તમારા સાત હજાર રૂપિયા અને એક રૂપિયો લટકાનો વ્યાજનો લઈ લ્યો. મહારાજ હવે પાછા લઈ જવા નથી. મહારાજે બહુ આગ્રહ કર્યો અમોએ ઉછીના લીધા છે તમારે પાછા લેવા પડે. પછી લાલદાલસે તેમાંથી પાંચ હજાર રૂપિયા લીધા બે હજારને એક શ્રીનરનારાયણદેવને ભેટમાં અર્પણ કરી દીધા.

આવા નિષ્ઠાવાન અને પ્રભુપ્રેમમાં એકાંતિક સ્ત્રી ભક્ત હતા. લાલદાસ ગોરાના પત્ની કંકુબા ઉર્ફે લીલાબા જેવોની ભક્તિભાવ અને સમર્પણની કથા આપણા શાસ્ત્રોમાં સુવર્ણ અક્ષરોએ લખાઈ છે.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## નેપાળ : ભૂકંપ ગ્રસ્તોની વહારે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ

કુદરતી કોપ - ભયાનક વિનાશકારી ભૂકંપના કારણે નેપાળનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું. નેપાળવાસીઓ પર આફતનો પહાડ તૂટી પડ્યો. જ્યારે જ્યારે માનવ મુશ્કેલીમાં મૂકાય છે ત્યારે ત્યારે ભુજ મંદિર નાત-જાત, ધર્મ-સંપ્રદાય ભેદભાવ ભૂલી દુઃખી પીડિત મનુષ્યોની વહારે વિના વિલંબે સંતો-હરિભક્તોને મોકલીને સહાયરૂપ બને છે.

તા.૨૫-૪ના ભૂકંપ થયો. ભૂકંપના સમાચાર મળતાં જ તા. ૨૯-૪-૧૫ના ભુજ મંદિરમાં તાત્કાલિક મીટીંગનું આયોજન થયું. પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી હરિબળદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી ભગવતજીવનદાસજી, સ્વામી જગજીવનદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી આદિ સંતો તેમજ મંદિરના કોઠારી શ્રી રવજીભાઈ ભુડીયા, ઉપકોઠારી શ્રી અર્જુનભાઈ દબાસીયા, ટ્રસ્ટીશ્રી રાજેશભાઈ દવે તથા વિશ્રામભાઈ ગોરસીયા, ખીમજીભાઈ ભુડીયા, રામજીભાઈ દબાસીયા આદિ રાહત સમિતિના સભ્યો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં ભૂકંપ અસરગ્રસ્તોની સહાય માટે તાત્કાલિક સહાય પૂરી પાડવાનું નક્કી થયું અને તે માટે બે સંતો સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી સાથે બે હરિભક્તો ખીમજીભાઈ ભુડીયા અને રામજીભાઈ દબાસીયા એમ ચાર જણને મોકલવાનો નિર્ણય લેવાયો.

તા. ૩૦મીએ કાઠમંડુ પહોંચ્યા. તા. ૧લીના પોખરા પહોંચ્યા. ત્યાંથી ૨૦૦ કિ.મી. દૂર ધાદિંગ જિલ્લાના મૂલપાની ગામ પહોંચ્યા. આ ગામની હાલત ખૂબ જ ખરાબ હતી. ગામના બધા જ મકાનો ધારાશાયી થઈ ગયા હતા, માટીનું ચણતરકામ અને ઈંટોના બનેલા મકાનો હોવાથી ભૂકંપની તીવ્રતામાં ટકી શક્યા નહીં. ચારે તરફ માટીના ઢગલા દેખાતા હતા. લોકો નિરાધાર અને બેહાલ બની ગયા હતા. લોકોની આંખમાં એક અજીબ ખૌફની સાથે અનિશ્ચિત ભાવિની ચિંતા ડોકીયા કરતી હતી. ભલભલા પાષાણ હૃદયવાળા માણસનું કાળજું પીગળાવી દે તેવા કરૂણ દશ્યો જોવા મળ્યા. આ લોકોને ભુજ મંદિર તરફથી તૈયાર કરવામાં આવેલી સામગ્રી કીટ આપી સધિયારો આપવાનો પ્રયાસ કર્યો હતો. આ કીટમાં ૧ પ્રેસર, કુકર, ૪ થાળી, ૪ વાટકા, ૪ ગ્લાસ, ચમચો, કળછી. ચોખા, દાળ, મીઠું, મસાલા, તેલ, મીણબત્તી, બાકસ, ધાબડા, તાલપત્રી વગેરેનું વિતરણ કરવામાં આવ્યું.

ત્યાંથી બીજે દિવસે તા.૩ના વોલિંગથી આગળ પર્વત ગામની બાજુમાં ધરાદી, કોખે, ભૂતલથાલમાં જિલ્લા પ્રભારીને મળીને ત્યાંના લોકો માટે કીટ આપી.

તા. ૪ના સવારે હોસ્ટેલમાં બનાવેલ છાવણીની મુલાકાતે ગયા. ભૂકંપના કારણે થયેલી ખાના ખરાબીમાં ઘાયલ થયેલા ગામડાના દર્દીઓની અહીં સારસંભાળ અને શુશ્રૂષા માટે તબીબો અને સ્વયંસેવકો ખડે પગે હાજર હતા. દર્દીઓને સારવાર માટે અહીં રોકાવાની સગવડ પણ કરવામાં આવી હતી.

આવા ઘાયલ દર્દીઓને મળીને કીટ ઉપરાંત ચોખા, બટાટા આદિ આપી આ પ્રકારના જ બૌધ્ધ મઠના કેમ્પમાં પહોંચી ત્યાંના દર્દીઓને પણ કીટ તેમજ ભોજન સામગ્રી આપી. માનવસેવાના સદ્‌કાર્યોમાં શ્રીજી મહારાજ સાથે જ હોય છે. કીટની તૈયારી કરવામાં સ્થાનિક લોકો અને યાત્રાળુઓ પણ સંતો સાથે જોડાઈ ગયા અને કીટો તૈયારી કરી સમયસર જરૂરિયાત મંદો સુધી પહોંચાડવાના પડકારમાં ઈશ્વરીય સંકેતથી લોકો પહોંચી આવ્યા. સ્થાનિક આશ્રમ સંભાળતા સ્વામી શ્રીજીપ્રસાદદાસજી તેમજ ત્યાંના હરિભક્તો યુવાનો તથા બહેનોનો ખૂબ જ સારો સહયોગ મળ્યો.

તા. ૫ના ગોરખા જિલ્લામાં બગુના ગયા. આ વિસ્તારમાં ભૂકંપની વધારે અસર છે. માર્ગો તૂટી ગયા છે, ભેખડો ધસી પડી છે અને વાહનવ્યવહાર ખૂબ જ મુશ્કેલ બન્યો છે. પરંતુ મહારાજના બળના પ્રતાપે હિંમત કરીને પણ આવા દુર્ગમ વિસ્તારોમાં પહોંચ્યા અને કીટો આપી. ત્યાંથી આવા જ દુર્ગમ વિસ્તાર રીઠીયાની ગયા. ત્યાં પણ કીટોનું વિતરણ કરી લોકોને આશ્વાસન આપ્યું. લોકોની આંખોમાં દૈવી સહાય સાંપડી હોય તેવા અહોભાવ જોવા મળ્યા.

નેપાળના ભૂકંપ પીડિત લોકોની સહાયતા કરવા દેશ-વિદેશની ટીમો-આર્મી આવેલ. તેમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ પણ લોકોની સહાયતા કરવા ગયેલ. નેપાળના દુર્ગમ વિસ્તારો-ગામડાઓમાં અન્ય ટીમો-વિદેશીઆર્મી પહોંચી શકેલ નહીં ત્યાં ભુજ મંદિરના સંતો અને હરિભક્તોની ટીમ પહોંચીને પીડિતોને સહાયતા કરી જીવનજરૂરી વસ્તુઓનું વિતરણ કરેલ હતું.

તા. ૬ના કીટો લઈને કાઠમંડુ આવ્યા. અહીંથી સિંધુપાલ ચોક જવાનું હોવાથી કીટો તૈયાર કરી ભક્તપુર ગયા. અહીં પણ વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. અને અસરગ્રસ્તોની સંખ્યા પણ વધુ છે. તા. ૭ના સિંધુપાલ ચોક પહોંચ્યા. અહીં જ ભૂકંપનું એપી સેન્ટર છે. ચાઈનાની બોર્ડર પરના પાંચેક ગામોમાં કીટોનું વિતરણ કરી ફુલ્પીંકોટના આજુબાજુના ગામડાઓમાં કીટોનું વિતરણ કરી રાત્રે કાઠમંડુ પરત આવ્યા. તા. ૮ના સવારે ત્રિપુરેશ્વર નારાયણ મંદિરે સંપૂર્ણ મતી ગ્રસ્ત છે, બુઢા નીલકંઠ મંદિરે દર્શને ગયા. બુઢા મંદિરમાં પણ નુકસાન થયેલ છે.

આવા અતિ મુશ્કેલ કાર્ય અને વિકટ પરિસ્થિતિ, અજાણ્યા લોકો, અજાણી ભાષા, અજાણ્યા પ્રદેશ અને તેમાંય કુદરતી કોપનો ભોગ બનેલા અને દુઃખ તેમજ અસહાયતા તેમજ અંધકારમય લાગતા ભવિષ્યને કારણે તનાવગ્રસ્ત માનસિકતા ધરાવતા લોકોની વચ્ચે કામ પાર પાડવાનું હતું. સંતો શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી અને સ્વામી ભક્તિચરણદાસજીની સૂઝબૂઝ, ધૈર્ય, કાર્યકુશળતા અને સેવાભાવ તેમજ સંતોની આજ્ઞાને શિરોધાર્ય કરવા તત્પર એવા હરિભક્તો ખીમજીભાઈ ભુડીઆ, રામજીભાઈ દબાસીયા આદિએ જે માનવસેવા કરી છે, મુશ્કેલીઓ વેઠીને તનની પરવા કર્યા વગર સુવિધાઓની ખેવના રાખ્યા વગર અને કોઈ પણ જાતની અપેક્ષા વગર જે સેવાકાર્ય કર્યું છે તે અનન્ય છે. આવા સંતો અને હરિભક્તો પર મહંત સ્વામી અને વડીલ સંતોનાં આશીર્વાદ અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા દૃષ્ટિ સદૈવ રહે અને સતત સેવાકાર્યો કરતા રહે તેવો ભાવ સૌ કેળવી રહ્યા છે.

ભૂકંપ બાદ પુનનિર્માણમાં ભુજ મંદિર દ્વારા એક કરોડ સહાયતા કરવામાં આવશે એવું ભુજ મંદિરે નક્કી કર્યું છે. દેશ-વિદેશથી લંડન, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા દેશમાંથી ભક્તોએ ખૂબ સહયોગ આપ્યો છે અને તેમનો પુનનિર્માણમાં ઉપયોગ કરવામાં આવશે.

અહેવાલ :- ભરતભાઈ મહેતા

- આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ સત્સંગના સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતની અધ્યક્ષતામાં સંતોની જનરલ મીટીંગમાં નીચે મુજબના મંડળધારી સંતોને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ-અલગ સેવા સોંપવામાં આવી છે. તે નીચે મુજબના સંતો સંભાળે છે.
- **ભુજ : સ.ગુ. સ્વામી સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજીના મંડળનો:** શ્રી નરનારાયણાદિદેવોની સેવા-પૂજા કરવી.
- આફ્રિકા ખંડમાં રહેતા ભક્તોને સત્સંગનો લાભ આપવા માટે આફ્રિકા દેશમાં સત્સંગ વિચરણ.
- શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી-રામપરનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી
- **માંડવી : સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળને :** માંડવી શ્રી વૃંદાવનવિહારી શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી. કોઠારી સ્વામી દેવસ્વરૂપદાસજી.
- ઓસ્ટ્રેલિયા ખંડમાં રહેતા ભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ.
- શ્રી સહજાનંદ ગુરુકુળ-માનકુવાનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી
- **અંજાર : સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજીના મંડળને :** અંજાર શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી. કોઠારી સ્વામી હરિમુકુંદદાસજી
- ગાંધીધામ, સિનુગ્રા, કુંભારીયા, નિંગાળ આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો પારાયણો ઉજવવી.
- લંડન હેરો મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે યુ.કે.ના પ્રવાસે સત્સંગ વિચરણ.
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-ગાંધીધામનું સંચાલન કરવું. પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી
- **સુખપર દેશ : સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના મંડળને :** સુખપર દેશમાં આવતા ગામડાઓ - સુખપર, નરનારાયણનગર, મદનપુર, બળદીયા ઉ.વા., બળદીયા ની.વા. કુંદનપુર, કેરા, કોડકી, ભક્તિનગર, માનકુવા, ફોટડી, મુન્દ્રા, ગેલડા, આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.
- **રામપર દેશ : સ.ગુ. સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળને :** રામપર દેશમાં આવતા ગામડાંઓ - મિરજાપર, સુરજપર, નારાણપર ઉ.વા., નારાણપર ની.વા., મેઘપર, ગોડપર, દહીંસરા, સરલી, રામપર ન.વા., રામપર જુ.વા., સામત્રા, વેકરા, વાડાસર આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરનું સંચાલન કરવું. પુરાણી સ્વામી ધર્મચરણદાસજી
- શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લા-મુંબઈનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી અક્ષરવલ્લભદાસજી
- **અબડાસા દેશ : સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજીના મંડળને :** અબડાસા દેશમાં આવતા ગામડાંઓ - રવાપર, આમારા, ઘડાણી, નેત્રા, રસલીયા, દયાપર, દોલતપર, અંગીયા સાથે ભારાસર, સુખપર-રોહા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.
- વિલ્સડન લંડન આદિ મંદિરોના પાટોત્સવ ઉજવવા. યુ.કે.માં સત્સંગ વિચરણ.

- ભુજ પ્રસાદી મંદિરનું સંચાલન કરવું. કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી
- શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-માંડવીનું સંચાલન કરવું. સંચાલક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી
- **વાગડ દેશ : સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળને :** વાગડ દેશમાં આવતા ગામડાંઓ - માધાપર, હરિપર, હીરાપર, ધાણેટી, દૂધઈ, ઈન્દ્રપ્રસ્થ, ધમડકા, ભચાઉ, નવાગામ, ખારોઈ, મનફરા, ચોબારી, આધોઈ, સરદારનગર, ચીરઈ, નવી ચીરઈ, ભીમાસર, રાપર, રત્નેશ્વર, ઉમીયા, નવાપરા, સેલારી, કલ્યાણપર, કંથકોટ, પદમપર આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો, પારાયણો ઉજવવી.
- ભારતદેશમાં જ્યાં જ્યાં કચ્છના સત્સંગીઓ વસે છે ત્યાં સત્સંગ વિચરણ.
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-રાપર(વાગડ)નું સંચાલન કરવું. સંચાલક પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી
- **શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર સંચાલક :-** સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી
- **શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, ભુજ સાંચાલક :-** પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી
- **શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, માંડવીના સંચાલક :-** સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી
- **શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રાહત સમિતિ :-** શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિચરણદાસજી
- **નવનિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર, રાપર :-** પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી (કે.પી. સ્વામી)
- **નવનિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજાર :-** પુરાણી સ્વામી ધર્મચરણદાસજી, પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ સંતો
- **શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન ભાટ, ગાંધીનગર :-** સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી
- **તા. ૨૮-૫-૧૫ ગુરુવારના રોજ થયેલ ભુજ મંદિરની સ્થાનિક વિવિધ સેવામાં નવનિર્વાચિત સંતો**
- **મુખ્ય કોઠારી** સ્વામી દેવપ્રકાશદાસજી, **કોઠારી** સ્વામી શાંતિસ્વરૂપદાસજી, **ઉપકોઠારી** સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી પ્રભુવલ્લભદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી
- **ભોજનાલય :** સ્વામી દિવ્યસ્વરૂપદાસજી
- **ભંડારી :** સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી
- **છાશ :** સ્વામી નંદકિશોરદાસજી
- **પાકશાળા :** સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી મુકુન્દમુનિદાસજી, સ્વામી રામાનુજદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી
- **ઈલેક્ટ્રીક :** સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી
- **સહજાનંદ બાગ (લેરવાડી), નરનારાયણ બાગ (રેલડી) :** સ્વામી જગજીવનદાસજી, સ્વામી વાસુદેવપ્રસાદદાસજી, સ્વામી અદ્‌ભુતાચરણદાસજી, સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી
- **ફુલની સેવા :** સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી
- **રાવલવાડી અને ફુલવાડી :** સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી, સ્વામી રામાનુજદાસજી

# વૈશાખ સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. નાનદાસભાઈ શામજી વરસાણી, ધ.પ. અમૃતબેન, પુત્ર મનિષ તથા સાગર, સુપુત્રી રોશની, જમાઈ નીતિન, સુત લક્ષ તથા વાલજીભાઈ - માધાપર
- પ.ભ. નારણભાઈ જાદવા ખેતાણી, હ. ગં.સ્વ.ધ.પ. સુંદરબાઈ નારણ ખેતાણી - સુખપર
- પ.ભ. લખમણ શીવજી હાલાઈ ધ.પ. પ્રેમબાઈ હ. સુત પરેશ સ્વામી મુનિશ્વરદાસજીની પ્રેરણાથી - ભારાપર (માંડવી)
- પ.ભ. કેશરબાઈ કાનજી કેરાઈ, સુપુત્ર પ્રવીણ કાનજી, ધ.પ. રમીલાબેન, સુત રાજ તથ જય કેરાઈ - માનકુવા
- પ.ભ. કરસનભાઈ વિશ્રામ હીરાણી હ. સ્વામી સનાતનદાસજી - મદનપુર
- પ.ભ. મુળજીભાઈ ખીમજી ગોરસીયા - મદનપુર
- પ.ભ. જશુબેન રામજી કેરાઈ - વેકરા
- પ.ભ. પ્રેમજીભાઈ કરસન રાજાણી - રામપર
- પ.ભ. વાઘજીભાઈ રામજી વરસાણી - સામત્રા
- પ.ભ. લીલાવતીબેન જયેશ વરસાણી - માનકુવા
- પ.ભ. રાધાબાઈ શામજી હીરાણી હ. મહંત સાં.યો. શ્યામબાઈ - મીરજાપર
- પ.ભ. ઉમેદભાઈ રવજી હીરાણી - માંડવી
- પ.ભ. દેવજીભાઈ નારણ કારા, સુત રૂપેશ દેવજી - માંડવી હાલે કેરૂગોયા(કેન્યા)
- પ.ભ. રતનબાઈ રતના ખેતાણી હ. રત્ના હરજી - મદનપુર
- પ.ભ. અ.નિ. જાદવા કલ્યાણ હાલાઈ, હ. પ્રેમબાઈ જાદવા પરિવાર - સુરજપર
- પ.ભ. અરવિંદભાઈ ગોવિંદ ભુવા - મદનપુર
- પ.ભ. હરીશભાઈ હરજી હીરાણી - મદનપુર
- પ.ભ. કેશવભાઈ હરીશ રાબડીયા - વાડાસર હાલે નૈરોબી
- પ.ભ. ખીમજીભાઈ વેલજી પિંડોરીયા - નારણપર ઉ.વાસ
- પ.ભ. જયેશભાઈ કિશોર માવજી ગોરસીયા - મદનપુર
- પ.ભ. નિરવભાઈ હરજી ગોરસીયા - ભક્તિનગર
- પ.ભ. શીવજીભાઈ કરસન હીરાણી, ધ.પ. હીરબાઈ, સુત દિનેશ સહપરિવાર - મીરજાપર
- પ.ભ. રવજીભાઈ હરજી ભુડીયા - ફોટડી
- પ.ભ. નિલેશભાઈ શામજી વરસાણીના શુભ લગ્ને પ્રસંગે - કેરા
- પ.ભ. ભોગીલાલભાઈ ઠક્કર - ભુજ
- પ.ભ. અક્ષયભાઈ રમેશચંદ્ર વરસાણી - ભુજ
- સાં.યો. મેઘબાઈ - માંડવી
- પ.ભ. જાદવજીભાઈ વેલજી વેકરીયા - નારણપર
- પ.ભ. પ્રેમજીભાઈ ધનજી વરસાણી, ધ.પ. જશુબેન - સુખપર
- પ.ભ. હીરજીભાઈ પ્રેમજી વેકરીયા હ. સ્વામી કેશવપ્રસાદદાસજી - બળદીયા હાલે નૈરોબી
- પ.ભ. મીનાબેન કરસન શામજી હીરાણી - મદનપુર
- શ્રીહરિ એન્ટરપ્રાઈઝ હ. હરીશભાઈ શીવજી પાધરા - સુખપર
- પ.ભ. રમેશભાઈ શીવજી વાઘજીયાણી (ઘેલડાવારા)- માધાપર
- પ.ભ. વિનાબેન જયેશ હીરાણી - સુખપર
- પ.ભ. અ.નિ. શામજી મેઘજી શીયાણી હ. ગં.સ્વ, જીવબાઈ - ભક્તિનગર
- પ.ભ. પ્રવીણભાઈ વીરજી ભુવા, ધ.પ. ભારતીબેન - મદનપુર
- પ.ભ. શાન્તાબેન પ્રેમજી ભુડીયા, હ. સાં.યો. શામબાઈ વાલજી શીયાણી - મદનપુર

- પ.ભ. રામબાઈ જાદવજી કેરાઈ - કોડકી
- પ.ભ. નાનબાઈ કરસન ગોરસીયા - સુખપર
- પ.ભ. શામજી પ્રેમજી વરસાણી, ધ.પ. જશુબેન શામજી - ભારાસર
- પ.ભ. વેલજીભાઈ લાલજી હાલાઈ - માંડવી
- પ.ભ. બીનાબેન નારણભાઈ વાઘાણી હ. નારણભાઈ - સુખપર
- પ.ભ. લાલજીભાઈ હરજી પિંડોરીયા - સામત્રા
- પ.ભ. ગીતાબેન કરસન સેંઘાણી - માધાપર
- પ.ભ. હિતેશભાઈ ભીમજી આસાણી - નૈરોબી
- પ.ભ. મુકેશભાઈ લાલજી વડોદરીયા - વાડાસર
- પ.ભ. હીરજીભાઈ રતના રાબડીયા પરિવાર - સરલી
- પ.ભ. પ્રેમજીભાઈ મનજી ભંડેરી - પિયાવા માંડવી
- પ.ભ. શામજીભાઈ વિશ્રામ કેરાઈ, ધ.પ. મંજુલા શામજી - રામપર
- પ.ભ. રામજીભાઈ વાલજી ભુડીયા - માનકુવા
- પ.ભ. અરવિંદભાઈ હરજી ભુડીયા - માનકુવા
- પ.ભ. વિનોદભાઈ રૂડા હાલાઈ - સુરજપર હાલે નૈરોબી
- પ.ભ. મનજીભાઈ નાનજી કારા - રામપર
- પ.ભ. મંજુલાબેન વિનોદ પિંડોરીયા - મીરજાપર
- પ.ભ. મુળજીભાઈ મનજી વાઘજીયાણી હ. સ્વામી મહાપુરુષદાસજી - નારણપર
- પ.ભ. નવીનભાઈ હીરજી રાબડીયા - સરલી
- સાં.યો. રામબાઈ પ્રેમજી પિંડોરીયા હ. પ્રેમજીભાઈ રામજી પિંડોરીયા - દહીંસરા
- શ્રીજી ફીલીંગ સ્ટેશન, લાલજીભાઈ રામજી વેકરીયા, પ્રવીણભાઈ રામજી હ. રામજી કાનજી - કિસુમુ-કેન્યા
- પ.ભ. દેવેન્દ્રભાઈ તુલસીદાસ કારીયા ધ.પ. હેમાબેન - ભુજ
- પ.ભ. વિજયભાઈ ભરત ગામી તથા વિષ્ણુ ભરત ગામી - કેરા
- અ.નિ. મહંત સાં.યો. માનબાઈ માવજીની ૨૨મી પુણ્યસ્મૃતિમાં હ. સાં.યો. દેવબાઈ - માધાપર
- પ.ભ. લક્ષ્મણભાઈ પ્રેમજી વેકરીયા - રામપર
- પ.ભ. ધર્મનંદનભાઈ જાદવજી કેરાઈ, વનિતાબેન જાદવજી કેરાઈ હ. સ્વામી સુર્યપ્રકાશદાસજી - નારણપર
- પ.ભ. પ્રકાશભાઈ જી. ઠક્કર - ભુજ
- પ.ભ. વાલજીભાઈ કલ્યાણ હીરાણી - મેઘપર
- પ.ભ. મનજીભાઈ રવજી ખેતાણી - મદનપુર
- પ.ભ. કુંવરજીભાઈ કરસન ગોરસીયા - ભુજ
- પ.ભ. શીવજીભાઈ રાજા પાંચપાયા-દેશલપર (વાગડ)
- પ.ભ. દિનેશભાઈ લક્ષ્મણ દબાસીયા - ભક્તિનગર
- પ.ભ. રતનબાઈ કરસન દેવજી વેકરીયા - નારણપર
- પ.ભ. મનજીભાઈ કુંવરજી હરશીયાણી - કેરા
- પ.ભ. અરવિંદભાઈ રવજી કાબરીયા - ગોડપર હાલે નૈરોબી
- પ.ભ. વાલબાઈ જાદવજી પ્રેમજી વેકરીયા હ. કાનજીભાઈ - માધાપર
- પ.ભ. રમેશભાઈ નારણભાઈ હીરાણી - સુરજપર
- પ.ભ. સુરેશભાઈ નારણ પ્રાસરીયા (પુત્રીના જન્મપ્રંસગે) - રાપર
- પ.ભ. નવીનભાઈ દુર્ગેશ વરસાણી - સામત્રા
- પ.ભ. વિનોદભાઈ વેલજી ભુડીયા - સુખપર
- પ.ભ. ભરતભાઈ વિશ્રામ પિંડોરીયા - માધાપર
- પ.ભ. ભાનુબેન પ્રિતેશ હીરાણી - માધપાર
- પ.ભ. વનિતાબેન લક્ષ્મણ વેકરીયા - રામપર
- પ.ભ. અશ્વિનભાઈ પ્રેમજી વેકરીયા હ. સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી - બળદીયા હાલે નૈરોબી

* પ.ભ. ગ.સ્વ. જીવબાઈ શામજી શીયાણી - ભક્તિનગર
* -પ.ભ. પુરબાઈ ધનજી પાંચાણી - કેરા
* પ.ભ. કાનબાઈ પરબત પિંડોરીયા તથા કાન્તાબેન રમેશ પિંડોરીયા - નારણપર
* પ.ભ. ધીરજલાલભાઈ કાંતિલાલ ઠક્કર - ભુજ
* પ.ભ. નીતાબેન નિમિશ વરસાણી - સામત્રા
* પ.ભ. હરજીભાઈ કરસન રાબડીયા ધ.પ. માનબાઈ - સરલી
* પ.ભ. સુંદરબાઈ લાલજી ભુડીયા - માધાપર
* પ.ભ.દક્ષાબેન જાદવજી વરસાણી - સામત્રા
* પ.ભ. દીપકભાઈ હરીરામ ઠક્કર, હસમુખલાલ કરસનલાલ મજેઠીયા - ભુજ

**શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ**

* સાં.યો. ભગવતીબેન - ધ્રાંગધ્રા
* પ.ભ. મેઘબાઈ પ્રેમજી વરસાણી - ભારાસર
* પ.ભ. અ.નિ. કલ્યાણભાઈ દેવશી રાઘવાણી હ. ધ.પ. કેસરબેન કલ્યાણ રાઘવાણી હ. પ્રવિણ મનજી હીરાણી - બળદીયા
* પ.ભ. વેલજીભાઈ નાથા ગોરસીયા - સુખપર
* પ.ભ. અ.નિ. લક્ષ્મણભાઈ દેવજી ખેતાણી પરિવાર - મદનપુર
* પ.ભ. કાનજીભાઈ મુળજી વેકરીયા અ.નિ. રામબાઈ કાનજી, અ.નિ. ધનબાઈ મુળજી હ. સાં.યો. નાનબાઈ કારા - કેરા
* પ.ભ. વેલજીભાઈ હરજી ભંડેરી ધ.પ. અમરબાઈ સુત દેવરાજભાઈ - રામપર
* પ.ભ. અ.નિ. અમરબાઈ કાનજી દબાસીયાના મોક્ષાર્થે હ. લાલજીભાઈ - કોડકી ભવાનીપર
* પ.ભ. અરજણભાઈ કાનજી દબાસીયા હ. મહંત સાં.યો. શામબાઈ - કોડકી
* પ.ભ. રવજીભાઈ દેવરાજ હાલાઈ હ. મહંત સાં.યો. શામબાઈ - કોડકી ભવાનીપર
* પ.ભ. પુરબાઈ દેવશી વરસાણી હ. સુપુત્ર હરિશ દેવજી વરસાણી - ભારાસર

## અક્ષરવાસ નોંધ

ગામ ગોડપર હાલે ભુજ જાદવજી નગર નિવાસી પ.ભ. હીરજીભાઈ નારણ હાલાઈ તા. ૧૮-૫-૧૫ના સવારે ૬૧ વર્ષની ઉંમરે મહારાજનું અખંડ સ્મરણ કરતાં ધામમાં સિધાવ્યા છે.

છેલ્લા ૩૮ વર્ષથી ભુજ જાદવજી નગરમાં રહેતા. ૧૯૮૪માં આપણું મંદિર થયું. તેનું ઘર બાજુમાં જ હોતાં ઠાકોરજીની ખૂબ સેવા કરતા. તેમજ મંદિરમાં ઉજવાતા ઉત્સવ સામૈયાઓમાં ખૂબ સેવા કરતા. પોતાપાસેની ગાડી પણ મંદિર અને સંતોની સેવા માટે કરી રાખી હતી.

ભૂકંપ પછી ઠાકોરજી મોટા મંદિરે પધાર્યા ત્યારથી સવારે ૪:૩૦ વાગે મંદિરે આવી ઠાકોરજી માટે મંગળાના થાળ તૈયાર કરવાની અતિ દુર્લભ સેવા કરતા.

મહારાજના ધામમાં જવાથી ભુજ મંદિર તથા ભુજના સત્સંગને નિષ્ઠાવાન હરિભક્તની ખોટ પડી છે. પરિવાર જનોને મહારાજ ધીરજ આપે અને તેવી નિષ્ઠા તથા દ્રઢતાનું બળ આપે એવી શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

ગામ સરલીના લાલજી મૂળજી રાબડીયા (ઉ.વ. ૭૬) તા. ૧૭-૫-૧૫ રવિવારના શ્રીજીનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયા છે. શ્રીજી મહારાજ દિવગંત આત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એજ પ્રાર્થના.

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિરે ઉજવાયો
## "મંગલમૂર્તિ શ્રી ઘનશ્યામ પંચામૃત મહોત્સવ એવમ્ મંગલકારી સંત સ્મૃતિ મહોત્સવ"

શ્રીહરિ અને અક્ષરમુક્તોના ચરણારવિંદથી પાવન થયેલ ભૂમિમાં સ્વયં ભગવાને મંદિર કરાવડાવી તેમાં સ્વહસ્તે નરનારાયણદેવને બિરાજમાન કર્યા, આથી ભુજની ભૂમિ મુમુક્ષુઓ માટે આત્યંતિક મોક્ષનું પરબ બની ગઈ. એમાંય પ્રસાદી મંદિર તો શ્રીહરિની મંદિર માટેની પસંદગીની ભૂમિ તેમજ સંતો-ભક્તોના અખંડ ભજનના સ્પંદનો અંતરિક્ષમાં 'સ્વામિનારાયણ' મહામંત્રના ધ્વનિનું ગુંજન આજે પણ અનુભવાતું હોવાથી સૌ-કોઈ ભક્તોનાં હૃદયમાં પ્રસાદી મંદિર સાથે અતૂટ સંબંધ રહ્યો છે. ભૂકંપમાં મંદિર ધ્વસ્ત થવાથી ઠાકોરજી નૂતન મંદિરમાં પધાર્યા. પરંતુ અનેકવિધ પાવનકારી દિવ્ય સ્મૃતિઓને જીવંત રાખવા મંદિરનો જીર્ણોદ્ધાર કરી આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી આદિક વડીલ સંતો સાથે મળી ઘનશ્યામ મહારાજની મનોહર મૂર્તિ પધરાવી. આ સર્વનું મંગલ કરનાર બાલ સ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજના પધરામણાને પાંચ વર્ષ પૂર્ણ થયાના અવસરે તેમજ આજ ભૂમિમાં અખંડ ભજન કરનારા બ્રહ્મનિષ્ઠ સંતોમાં અ.નિ.મહંત સદ્.શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી, અ.નિ.મહંત સદ્.પુરાણી સ્વામી હરિસ્વરુપદાસજી, અ.નિ.સદ્.સ્વામી નંદકિશોરદાસજી, અ.નિ.સદ્.સ્વામી દેવચરણદાસજી, અ.નિ.સદ્.સ્વામી મોરારીચરણદાસજી, અ.નિ.સદ્.સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, અ.નિ.સદ્.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, અ.નિ.સદ્.સ્વામી પુરુષોત્તમચરણદાસજી તથા અ.નિ.સદ્.પુરાણી સ્વામી ભગવતપ્રસાદદાસજી આદિકની પુણ્ય સ્મૃતિમાં સંવત ૨૦૭૧ વૈશાખ વદ-૧ થી વૈશાખ વદ-૫, તા. ૫-૫-૨૦૧૫ થી ૯-૫-૨૦૧૫ દરમ્યાન મંગલમૂર્તિ શ્રીઘનશ્યામ પંચામૃત મહોત્સવ એવમ્ મંગલકારી સંત સ્મૃતિ મહોત્સવ ઉજવાયો હતો.

ભુજ મંદિરના સભામડપમાં સદ્. બ્રહ્માનંદ સ્વામીએ ધમળકાના દરબાર રામસિંહજીને શ્રીહરિનાં ચરિત્રોનું શ્રવણ કરાવ્યું હતું તેને કૃષ્ણાનંદ સ્વામીએ ''શ્રીહરિચરિત્રામૃત''ના રુપમાં ગ્રંથસ્થ કર્યું હતું. આ ગ્રંથની મૂળ હસ્તલિખિત પ્રત જીર્ણ થતા સદ્.પુ.સ્વામી કેશવપ્રસાદદાસજી તથા વર્તમાન મહંત સદ્.પુ.સ્વામી ધર્મનંદનદાસજીએ પુનઃ પ્રતલેખન કરી એ પ્રતને ભુજ મંદિરમાં અર્પણ કરેલ. તેમને ૫૦ વર્ષ પૂર્ણ થયાં. આથી આ મહોત્સવ અંતર્ગત શ્રીહરિ સમકાલીન સદ્. કૃષ્ણાનંદ સ્વામી કૃત ''શ્રીહરિચરિત્રામૃત'' પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીહરિના ચરિત્રો તેમજ ઐશ્વર્યોથી ભરપૂર શ્રીહરિચરિત્રામૃત ગ્રંથને પુ. સ્વામી પરબ્રહ્મજીવન દાસજી, પુ. સ્વામી બ્રહ્મમુનિદાસજી તથા સ્વામી શૌનકમુનિદાસજી વ્યાસાસને બિરાજી ચરિત્રોના ગર્ભિત રહસ્યોને ભાવવાહી શૈલીમાં વ્યક્ત કર્યાં હતાં. ગવૈયા સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા સ્વામી શ્રીજીનંદનદાસજી કીર્તનરસની ભાવમાધુરીમાં સૌકોઈને આપ્લાવિત કર્યા હતા. શા.સ્વામી સૂર્યપ્રકાશદાસજી તથા પુ.સ્વામી પરમેશ્વરદાસજી સ્વામીએ સફળ સભાસંચાલકના રુપમાં સભામાં સમયોચિત કાર્યક્રમોને વ્યકત કરી સૌ કોઈને આનંદિત કર્યા હતા.

આ કથા અંતર્ગત પ્રથમ દિને દ્વિતીય સત્રમાં શ્રી

ઘનશ્યામ પ્રભુના પ્રાગટ્ય ઉત્સવને ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. દ્વિતીય દિવસના બીજા સત્રમાં પુષ્પદોલોત્સવ ઉજવવામાં આવ્યો હતો. અને તૃતીય દિવસના બીજા સત્રમાં વસંતોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ ઉત્સવમાં શ્રીઘનશ્યામ બાળમંડળના બાળકો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો ભાવવિભોર થઇ પોતાના અંતરના આનંદને નૃત્યના રુપમાં વ્યક્ત કર્યો હતો. તેમજ તૃતીય દિવસે પ્રસાદીભૂત હમીરસરમાં યોજાએલ મહારાસમાં ઠાકોરજીની સાથે સંતો તથા ભક્તો રાસ રમી, આ રાસોત્સવની પાવનકારી ક્ષણે સૌ સંતો-ભક્તોને પંચાળા તથા વૃંદાવનના શ્રીહરિના મહારાસની પ્રત્યક્ષ અનુભૂતિ થઇ હતી.

ચતુર્થ દિવસના દ્વિતીય સત્રમાં માધાપરના યુવાનો દ્વારા તૈયાર કરાયેલા બે રથમાં ઠાકોરજી તથા પ.પુ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા સંતો વિરાજમાન થઇ બહોળા સંતો-ભક્તોના સમુદાય સાથે ભુજનગરના રાજમાર્ગ પરથી પસાર થઇ પ્રસાદી મંદિરે પધાર્યા હતા. આ પ્રસંગે ગામોગામથી પધારેલા ભક્તોના ઝાંઝ-તબલા આદિક વાજીંત્રોની ધ્વની સાથે કીર્તનના શબ્દોની સંગતથી વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

અંતિમ દિવસે પ્રાતઃકાળે આચાર્ય મહારાજશ્રી તથા સંતોએ ઘનશ્યામ મહારાજનો પંચામૃતથી અભિષેક કર્યો હતો. ઘનશ્યામ પ્રભુનાં આ અનુપમ દર્શન કરી હૃદયસ્થ કરવા સંતો-ભક્તોનો બહોળો સમુદાય ઉમટ્યો હતો. ત્યારબાદ સૌકોઇ ભક્તોએ અન્નકૂટ આરોગતા ઠાકોરજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.


ભુજ મંદિરના મહંત સદ્.પુ.સ્વામી ધર્મનંદનદાસજી, પ્રસાદી મંદિરના મહંત સદ્.સ્વામી સનાતનદાસજી તથા મંડળના મંડળધારી જ્યોતિષજ્ઞ સદ્.પુ.સ્વામી કેશવપ્રસાદદાસજીના અધ્યક્ષ સ્થાને ઉજવાયેલ આ ઉત્સવમાં દેશ-વિદેશમાં રહેતા ભક્તોએ ભગવાન તથા સંતો-ભક્તોની પ્રસન્નતાર્થે આર્થિક સહયોગ આપી યજમાન પદે રહ્યા હતા. આ ઉત્સવમાં સેવા કરનાર યશસ્વી યજમાન પરિવારની સેવાને આચાર્ય મહારાજશ્રી તથા સંતોએ ઠાકોરજીની મૂર્તિ તેમજ શાલ ઓઢાડી બિરદાવી હતી. આ ઉત્સવમાં અબડાસા, સુખપર, કોડકી, ફોટડી,સામત્રા તેમજ માધાપરના સત્સંગી ભાઇઓ તથા બહેનોએ તન અને મનથી ભોજન પ્રસાદ પીરસવાની, ફૂલહાર પૂરવવા જેવી વિશેષ સેવાઓ કરી ભગવદ્ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

આ ઉત્સવમાં કથાસત્રો દરમ્યાન આચાર્ય મહારાજશ્રી, મહંત સ્વામી, સદ્.સ્વામી કેશવપ્રસાદદાસજી, સદ્.સ્વામી સનાતનદાસજી, સદ્.પ્રેમપ્રકાશદાસજી, પુ.સ્વામી માધવપ્રસાદદાસજી તથા પુ.કેશવજીવનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની કૃપા વરસાદને ભક્તોએ આશીર્વચનના રૂપમાં ઝીલ્યો હતો. આ ઉત્સવમાં માંદગીભર્યા શરીરને નહિ ગણકારી સદ્.પુ.સ્વામી નિષ્કામચરણદાસજી પધારી ઉત્સવની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

આ સમગ્ર ઉત્સવનું સંચાલન પ્રસાદી મંદિરના કોઠારી સ્વામી પરમેશ્વરસ્વરુપદાસજી તથા શા.સ્વામી શુકદેવસ્વરુપદાસજીએ કર્યું હતું. આ ઉત્સવમાં પુ.સ્વામી પુરુષોત્તમસ્વરુપદાસજી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિક સર્વે સંતોનો સહયોગ સાંપડ્યો હતો. નરનારાયણસ્વરુપદાસજી સ્વામીની સભામંડપની સજાવટમાં તથા લાઇવ પ્રસારણની સેવા સૌકોઇએ બિરદાવી હતી. કૃષ્ણચરણદાસજી સ્વામી તથા પુજારી સંતો આદિક સદ્. કેશવપ્રસાદદાસજી સ્વામીના મંડળના સર્વે નાના-મોટા સંતોએ દરેકે દરેક સેવાની જવાબદારી લઇ તે સેવાને સફળતાપૂર્વક કરી શ્રીહરિ તથા બ્રહ્મનિષ્ઠ સંતો-ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

અહેવાલ - કોઠારી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી

# ૧૨૪મો વાર્ષિક પાટોત્સવ અને પારાયણ, સુખપર



શ્રી સ્વામિનારાયણ મંદિર, સુખપર મધ્યે બિરાજતા શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૧૨૪મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે તા. ૮-૫-૧૫ થી તા. ૧૨-૫-૧૫ સુધી પંચદિવસીય "શ્રીહરિ લીલામૃત સાગર" ગ્રંથની પારાયણ કરવામાં આવેલ. આ કથામાં વક્તા સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી રહ્યા હતા. આ કથા અંતર્ગત રાત્રીના સમયે ત્રિદિવસીય કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શિબિરનું પણ આયોજન કરેલ હતું. આ રાત્રી સભામાં સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું રસપાન કરાવેલ. આ કથા અંતર્ગત શ્રીઘનશ્યામ જન્મોત્સવ સુખપર કચ્છ શ્રીનરનારાયણ યુવક મંડળના યુવાનો રાસોત્સવની સાથે ઉજવેલ. તા. ૧૦-૫-૧૫ રવિવારના રોજ ભુજ મંદિરેથી શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી પધારીને "આપણી અમૂલ્ય સંપત્તિ" વિષય ઉપર પ્રેઝન્ટેશન આપીને યુવાનોને સાચો માર્ગ બતાવેલ. આ દિવસે ભુજ મંદિરેથી કોઠારી પાર્ષદ ખીમજી ભગત, સ્વામી પતિતપાવનદાસજી અને સ્વામી રામકૃષ્ણદાસજી પણ પધારેલ. સ્વામી જયકૃષ્ણદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી ધર્મકિશોરદાસજી આદિ સંતો રોજ કથા-વાર્તાનો લાભ આપતા. આ પ્રસંગે સુખપર, નરનારાયણનગર અને મદનપુરના યુવાનો, બહેનો-ભાઈઓ પધારીને આ શિબિરનો લાભ લીધેલ હતો. બહેનોના મંદિરમાં આ શિબિરનું લાઈવ પ્રસારણ કરવામાં આવેલ. આ શિબિરની અંતમાં દરરોજ તરબૂચ અને પ્રસાદીનું વિતરણ કરવામાં આવેલ. આ રાત્રી શિબિરના યજમાનપદે પ.ભ.સ્વ. હીરજીભાઈ દેવરાજ ભુડીયા, હ. દેવશી હીરજી, પુત્ર લાલજી અને ભરત, પ.ભ. સામજી વેલજી વાઘાણી પુત્ર લાલજી, પ.ભ.અ.નિ. વેલજી રત્ના ભુવા,હ. પ્રેમજી વેલજી ભુવા, પુત્ર શાંતિ, હરીશ અને હિતેશ, પ.ભ. વાલજી લખમણ હાલાઈ પુત્ર રમેશ, રાજુ, નારણ અને સંજય સહપરિવાર રહ્યા હતા.

તા. ૧૧-૫-૧૫ના રોજ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પાટોત્સવ હોવાથી વહેલી સવારે પ્રભાતફેરીનું આયોજન કરેલ. આ દિવસે ભુજ મંદિરેથી પધારેલ સંતો અને યજમાનશ્રીઓના વરદ્ હસ્તે સવારે ૬ વાગ્યે શ્રીહરિનો ધામધૂમથી પંચામૃતથી અભિષેક કરેલ. પધારેલ સૌ કોઈ સત્સંગી હરિભક્તોએ પંચામૃતનો પ્રસાદ લીધેલ. અને સવારે ૧૧ કલાકે શ્રીહરિની આગળ અન્નકૂટ ગોઠવવામાં આવેલ અને સંતો અને યજમાનશ્રીના હસ્તે અન્નકૂટની આરતી ઉતારવામાં આવેલ. આ દિવસે શ્રીઘનશ્યામ વાડીમાં જમણવારનું પણ આયોજન કરવામાં આવેલ. આ સમગ્ર પાટોત્સવના મુખ્ય યજમાનપદે પ.ભ. અ.નિ. પિતાશ્રી માવજીભાઈ લાલજી હિરાણી, અ.નિ. માતુશ્રી ગોરબાઈ માવજી હિરાણી, હ. હરજી માવજી હિરાણી, ધ.પ. વેલબાઈ પુત્ર પ્રવિણ, ઈશ્વર, પુત્રી નીતા, ઈલા સહપરિવાર રહ્યા હતા. સહયજમાન પ.ભ. અ.નિ. પ્રેમજી નાનજી ભગત, અ.નિ. ધ.પ. રામબાઈ, હ. પુત્ર કરસન પ્રેમજી ભગત, ધ.પ. સુંદરબાઈ સહપરિવાર રહ્યા હતા.

આ સમગ્ર સભાનું સંચાલન સ્વામી મહાપુરુષદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ :- કિશોર આર. પિંડોરીયા, સુખપર

પરમકૃપાળુ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી ગામ માનકુવા, જુનાવાસ મધ્યે તા. ૧૫-૫-૨૦૧૫ શુક્રવાર તા. ૧૯-૫-૨૦૧૫ મંગળવાર દરમ્યાન વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીકૃત શ્રી પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથની પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન અ.નિ. પવિત્ર મુક્તો પરમહંસો, સતી સન્નારીઓની સ્મૃતિમાં તથા ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજીના નેતૃત્વ હેઠળ તથા સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ્વામી જગતપાવનદાસજી તથા સ્વામી શ્રીહરિદાસજી તથા સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી નિરન્નમુક્તદાસજી આદિ તમામ સંતોના શુભાશીર્વાદથી તથા ગામવાસી મંદિરની કાર્યવાહક કમિટી તથા દેશ-વિદેશમાં વસતા તમામ આત્મીય સ્નેહીજનોના સંપૂર્ણ સાથ-સહકારથી ત્રિપુટી સાં.યો. મહંત રામબાઈ ફઈ તથા સાં.યો. નાના રામબાઈ ફઈ તથા વિદુષી સાં.યો. નાનબાઈ આ ત્રિપુટીના યજમાનપદે ભવ્યાતિ ભવ્ય મહોત્સવ દિવ્ય પ્રેરણારૂપે ઉજવાયો. જેમાં વક્તાપદે પણ ત્રિપુટી વક્તાશ્રીઓ શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી ભક્તવત્સલદાસજી, શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ પોતાની ભાવવાહી શૈલીમાં પુરુષોત્તમ નારાયણનો સચોટ અને સરળ રીતે શ્રોતાજનોનાં અંતરમાં પ્રકાશ પાડી દિવ્ય ચરિત્રોનું અમૃતપાન કરાવી ભગવત સ્વરૂપમાં તરબોળ કર્યા હતા. આ ઉત્સવના પાંચેય દિવસો અતિ અલૌકિક અને ઉત્સવથી ભરપૂર હતા.

**પ્રથમ દિવસ :-** પ્રથમ દિવસે શ્રી ઘનશ્યામ જન્મોત્સવ શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ અતિ ભવ્યરૂપે ઉજવાવ્યો. **બીજા દિવસ :-** શા. સ્વામી ભક્તવત્સલદાસજીએ માનકુવામાં ૧૮૬૧ની સાલમાં શ્રીજી મહારાજના પ્રથમ આગમન મહોત્સવ રૂપક સહ પ્રત્યક્ષપણે ઉજવાયો. સાથોસાથ પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની પધરામણી થઈ.

**ત્રીજો દિવસ :-** ભવ્યાતિભવ્ય વિવિધ રંગબેરંગી પુષ્પોથી તૈયાર થયલ ભુજનગરમાં પ્રથમ ઉત્સવ પુષ્પદોલોત્સવની ઝાંખી કરાવતો ૨૦ ફૂટ ઊંચો હિંડોળો તૈયાર થયો અને સંતોએ મહારાજને હિંડોળે ઝૂલાવી વિવધ પુષ્પોની વૃષ્ટિ કરી મહારાજને વધાવ્યા. તેમાં સોનેરી અવસર ઓસ્ટ્રેલીયાથી આવેલ મુમુક્ષુને મહાદીક્ષા પૂ. ગાદીવાળાશ્રીના હાથે મહંત સાં.યો. સામબાઈ ફઈ ભુજનાં આશીર્વાદથી સાં.યો. દીક્ષા આપી માનકુવાના સત્સંગને દીપાવ્યો.

**ચોથો દિવસ :-** ભવ્યાતિભવ્ય ઈષ્ટદેવ શ્રીહરિ તથા પૂ. ૧૦૦૮ ધ.ધૂ. મહારાજશ્રીની શોભાયાત્રા ઉત્સવ.

**રાત્રી કાર્યક્રમોમાં**

**૧ રાત્રી :** સંતો દ્વારા સંગીત સંધ્યા સહ હાસ્યરસ, ૨ રાત્રી શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા સ્વામી ઘનશ્યામનંદજી દ્વારા રાત્રીય સભા, ૩ રાત્રી ખીમજી ભગતનાં નેતૃત્વ હેઠળ શા. સ્વામી ઘનશ્યામનંદનદાસજી દ્વારા પ્રોજેક્ટ ઉપર અતિ અલૌકિક, અદ્વિતીય “કોન પહોંચેગા અક્ષરધામ” આ છ પાર્ટ દ્વારા ૭ ગામના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો રહ્યા હતા. તેમાં માનકુવા જુનાવાસના બે યુવાનો જગદીશભાઈ ભુડીયા તથા જયેશભાઈ ભુડીયા તથા કોડકી (ભવાનીપુર)ના બે યુવાનો તથા એક વિભાગમાં શા. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી તથા શા. સ્વામી ભક્તપ્રકાશદાસજી આ બે સંતોએ છેક અક્ષરધામ સુધીની અંતિમ વિઝા પ્રાપ્ત કરી તમામ સંતો-ભક્તો તથા સાં.યો. બહેનોનો અતિ રાજીપો મેળવ્યો.

જે અવસર અતિ અવર્ણનીય હતો. જે જાણે તે માણે.

**ચોથી રાત્રી :** ઓરકેષ્ટ્રા સાથે ભવ્યાતિભવ્ય રાસોત્સવ ઉજવાયો. તેમાં પણ વ્યાખ્યાનમાળાના બે વક્તાશ્રી સવારનાં પ્રથમ સત્રમાં અતિ રસિકરૂપે પોતાની ભાવવાહી શૈલીમાં રજૂ કરી હતી. તેમાં શા. સ્વામી શૌનકમુનિદાસજીએ સર્વ જગ્યાએ હું મહારાજ સાથે અને મહારાજ મારી સાથે જ છે. હતું તેમ નહિ પણ અત્યારે જ છે તેવું સાંનિધ્યપણું દિવ્ય રીતે સમજાવ્યું તથા બીજા વક્તા શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ ભગવાનનાં ચરિત્રોને ગાવા, સાંભળવા અને સંભાળવાનો અપરંપાર મહિમા છે આવું સમજાવી ભક્તોને ચરિત્રોમાં ડૂબતા કરી દીધાં.

આ ઉત્સવના તમામ સંતો, તમામ સાં.યો. બહેનો તથા સમગ્ર ધર્મકુળ પધારી ઉત્સવને અતિ દિવ્ય અને ધન્ય બનાવ્યો. માનકુવા, ભક્તિનગર, ભારાસર ત્રણેય ગામ પાંચેય દિવસ સેવા તથા સત્સંગમાં કટીબદ્ધ રહ્યા હતા. સાથોસાથ કોડકી, ફોટડી, સામત્રા, સુખપર આ ગામનાં ભક્તજનોએ પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી તથા સમગ્ર કચ્છના ભક્તજનોએ મળી ઉત્સવને અતિ અનેરો ઓપ આપ્યો હતો. ઉત્સવના પ્રારંભે શા. સ્વામી ગોલોકવિહારીદાસજી સ્વામીએ ઉત્સાહિત કર્યા હતા.

આ ઉત્સવની સંપૂર્ણ વ્યવસ્થા શા. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા પુ. સ્વામી મહાપુરુષદાસજી તથા મંડળના સંતોએ ઉત્સાહપૂર્વક રીતે સંભાળી હતી. સભા સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ સંભાળ્યું હતું. અને વૈકુંઠધામ તુલ્ય આ માનકુવા ગામનો દિવ્ય ઉત્સવ અતિ ભવ્યાતિભવ્ય ઉજવાયો. તેમાં તમામ સંતો તથા સાં.યો. બહેનોના રૂડા આશીર્વાદથી જ આ કાર્ય સફળ રીતે પૂર્ણ થયું. અંતમાં પણ પૂ. સ્વામી શ્રીહરિદાસજીએ ખૂબ રૂડા શુભાશીષ પાઠવ્યા હતા. ત્યારબાદ ઉત્તરપૂજન, મહારાજશ્રીની વિદાય તથા સમાપ્તિની આરતી કરી કીર્તન, ધૂન સાથે આ જ્ઞાનયજ્ઞની સમાપ્તિ કરવામાં આવી હતી.

અહેવાલ :- જગદીશભાઈ ભુડીયા તથા જયેશભાઈ ભુડીયા, માનકુવા-જુનાવાસ

## પાટોત્સવ : હિરાપર

શ્રી સ્વામિનારાયણ મંદિર, હિરાપરના ભાઈઓ તથા બહેનોના મંદિરનો વાર્ષિક પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો. આ શુભ પ્રસંગે ભુજ, અંજારથી સંતો પધાર્યા હતા. વડીલ સંતોમાં પુરાણી સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, પુ. સ્વામી દેવજીવનદાસજી, શા. સ્વામી નારણપ્રિયદાસજી, શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતોએ પધારીને કથા, વાર્તા, પ્રવચનો નો લાભ આપ્યો હતો.

શુભ સવારથી ઠાકોરજીની શોભાયાત્રા સાથે સંતો, ભક્તો, નગરજનો સાથે વાજિંત્રોની મંડળીઓ જોડાઈ હતી. પાટોત્સવના યજમાનપદે અભિષેકના યજમાનપદે કાનજીભાઈ સુથાર, આરતીના યજમાનપદે કાનજીભાઈ છાંગા, શોભાયાત્રાના વાહન યજમાન હરિભાઈ માતાએ સેવા આપી હતી.

યજમાનો તથા મહેમાનોને સત્કાર્યા હતા. આ પ્રસંગમા ખાસ ઉપસ્થિત મહેમાનોમાં માનનીય મંત્રીશ્રી વાસણભાઈ આહિર, જીલ્લા પ્રમુખશ્રી ત્રિકમભાઈ છાંગા તથા વલમજીભાઈ હુંબલ તથા મહાદેવભાઈ આહિર આદિ મહેમાનો ઉપસ્થિત રહીને પ્રસંગને માણ્યો હતો. પધારેલ મહેમાનો, સંતોનો અગ્રણીશ્રી શામજીભાઈ છાંગાએ આભાર વ્યક્ત કર્યો હતો.

અહેવાલ :- કાનજીભાઈ સુથાર, હિરાપર

# ટપાલ ખાતા તરફથી કન્યાઓ માટેની બચત યોજના

- સુકન્યા સમૃધ્ધિ યોજના હેઠળ ગુજરાત પોસ્ટલ સર્કલમાં ૧૪-૩-૨૦૧૫ સુધી ૧૭,૨૪૭ સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટ ખુલ્યા છે. સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટ ખાસ છોકરી માટે બચતની ડિપોઝિટ સ્કીમ છે. છોકરીઓના બાળક કલ્યાણ અંતર્ગત આ યોજના ૨૨-૧-૨૦૧૫ના રોજ ખાસ છોકરીના રક્ષણ, ઉચ્ચ શિક્ષણ તથા લગ્ન જરૂરિયાતો માટે શરૂ કરી છે. છોકરીની ઉંમર ૧૦ વર્ષની થાય ત્યાં સુધી કુદરતી(જૈવિક) માતાપિતા કે કાનૂની વાલી છોકરીના નામનું સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટ કોઈ પણ પોસ્ટ ઓફિસમાં ખોલાવી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટ પર વ્યાજના લાગુ દર ૯.૧% છે. આ યોજનાની મુખ્ય લાક્ષણિકતાઓ આ સાથે બીડેલ છે.

(બ્રિગેડીયર સંજીપ થાપર)
મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ
ગુજરાચ સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૧

- **સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટના મુખ્ય લક્ષણો :-**
- પિતા / કાનૂની વાલી સુકન્યા સમૃધ્ધિ યોજના હેઠળ ગર્લ ચાઈલ્ડ નામે એકાઉન્ટ ખોલી શકે છે.
- એક છોકરીના નામ માત્ર એક એકાઉન્ટ અને એક પરિવારની બે અલગ અલગ છોકરીના નામે મહત્તમ બે એકાઉન્ટ માન્ય છે.
- છોકરીની ઉંમર ૧૦ વર્ષની થાય ત્યાં સુધી સુકન્યા સમૃધ્ધિ ખોલી શકાય છે.
- માત્ર આ વર્ષે ૨-૧૨-૨૦૧૫ના રોજ છોકરી ૧૧ વર્ષ (DOB 03-12-2003)ની થાય ત્યાં સુધી એકાઉન્ટ ખોલી શકાય છે.
- પ્રથમ ડિપોઝિટ માટેની ન્યુનત્તમ રકમ Rs. 1000/- (ક્રમાનુસાર ડિપોઝિટ Rs. 100/-ના ગુણાંકમાં) હોવી જોઈએ.
- આ ખાતામાં એક નાણાકીય વર્ષમાં ન્યુનત્તમ Rs. 1000/- અને મહત્તમ Rs. 150,000/- જમા કરાવી શકાય છે. (ડિપોઝિટ સંખ્યા માટે કોઈ મર્યાદા)
- ન્યુનત્તમ પ્રદાન આપ્યું ન હોય તો પ્રતિ વર્ષ પેન્લટી Rs. 50/-.
- ૧૮ વર્ષ પછી આંશિક ઉપાડ, પાછલા નાણાકીય વર્ષની અંતિમ રકમ પર મહત્તમ ૫૦% સુધી લઈ શકાય છે.
- સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટની પાકતી મુદત છોકરીના લગ્ન અથવા એકાઉન્ટના ૨૧ વર્ષ બેમાંથી જે વહેલા છે.
- સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટની થાપણો આવકવેરા ધારા, 1961 80C હેઠળ કપાતમાં માન્ય છે.

# ભુજ જણસારી લક્ષ્મીનારાયણ મંદિર (પ્રસાદીનું)નો પાટોત્સવ

ભુજના જણાસારી જ્ઞાતિના પ્રસાદીના લક્ષ્મીનારાયણ મંદિરનો પાટોત્સવ, વૈશાખ સુદ ૧૦ તા. ૨૮-૪-૧૫ના રોજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે ભુજ મંદિરના સંતો કોઠારી સ્વામી ધર્મપ્રિયદાસજી, સ્વામી હરિનારાયણદાસજી તથા સ્વામી ઘનશ્યમપ્રિયદાસજી પધારેલા જેમાં અન્નકૂટની આરતી બાદ સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજીએ હરિભક્તોને વચનામૃતની વાત કરી સત્સંગ વધારવા ભલામણ સાથે આશીર્વાદ આપેલ.

અહેવાલ :- મહિપતરામ વી. જણસારી

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપાથી ભુજ મંદિરના પરમ વંદનીય મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોના આશીર્વાદથી ગામ આમારા મધ્યે ભાઈઓના નૂતન મંદિર તથા બહેનોના મંદિરના જીર્ણોદ્ધાર પ્રસંગે તા. ૨૪-૪-૧૫ થી તા. ૨૮-૪-૧૫ સુધી શ્રી સ્વામિનારાયણ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. જેમાં શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શા. સ્વામી બ્રહ્મમુનિદાસજીએ વ્યાસાસનપર આરુઢ થઈને પોતાની આગવી શૈલીમાં સંગીતના સથવારે શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રની કથાનું રસપાન કરાવી સૌ શ્રોતાજનોને રસતરબોળ કરી દીધા હતા. આ કથામાં ગવૈયા સંતો સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ કીર્તનો ગાઈને તબલાબાદક સ્વામી કપિલમુનિદાસજીએ તબલાના રણકાર સાથે કથાને સંગીતમય બનાવી દીધી હતી. દરરોજ જુદા જુદા મંદિરોમાંથી તથા ગુરુકુળોમાંથી મોટી સંખ્યામાં સંતો પધાર્યા હતા અને દર્શન તથા આશીર્વચનનો અલભ્ય લાભ આપ્યો હતો. સાં.યો. બહેનોએ બહોળી સંખ્યામાં પધારી ગામને લાભાન્વીત કર્યું હતું. અને ખાસ આ પ્રસંગમાં મહારાજશ્રીની સાથે અ.સૌ. પૂજ્ય ગાદીવાળા તથા પૂજ્ય મોટા ગાદીવાળા પણ પધાર્યા હતા અને ગામજનોને ધન્ય કર્યા હતા. તથા અબડાસાના સાતેય ગામના તથા દેશ-વિદેશમાં વસતા હરિભક્તો તથા ભુજ ચોવીસી વિસ્તારના હરિભક્તો પધાર્યા હતા. આ મહોત્સવના કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન શા. સ્વામી દેવચરણદાસજી તથા શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ કર્યું હતું. તથા યુવાનોના રાત્રી કાર્યક્રમ તથા મહોત્સવગીત બનાવવામાં શા. સ્વામી પરબ્રહ્મજીવનદાસજીનો સહકાર મળ્યો હતો.

તા. ૨૩-૪-૧૫ના સાંજે ૪:૦૦ વાગ્યે શ્રી સ્વામિનારાયણ મંદિરેથી પોથીયાત્રા નીકળીને શ્રી ઘનશ્યામ સભામંડપમાં પહોંચી હતી. અને ૫:૩૦ વાગ્યે વિજયધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. તથા દીપ પ્રાગટ્ય કરી શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી ગુરુકુળના બાળકોના નૃત્ય સાથે મહોત્સવ ગીતનું વિમોચન કરવામાં આવ્યું હતું.

તા. ૨૪-૪-૧૫ના સવારે કથાનો શુભારંભ થયો હતો અને તા. ૨૫-૪-૧૫ના રોજ સવારે વિષ્ણુયાગનો શુભારંભ થયો હતો. અને સાંજે ૫:૩૦ વાગ્યે શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો હતો. આ દિવ્ય પ્રંસગે રામપર ગુરુકુળના બાળકો દ્વારા રાસ સાથે નૃત્ય કર્યું હતું. આ રાસમાં આમારાના યુવાનો પણ જોડાયા હતા અને આખી સભા “ધર્મઘેર આનંદ ભયો, જય બોલો ઘનશ્યામ કી”ના નાદમાં રંગાઈને હર્ષ ઘેલી થઈ જન્મોત્સવ કર્યો હતો. અને સાંજે ૬:૩૦ વાગ્યે ભવ્યાતિ ભવ્ય મહાઆરતી કરી હતી અને કથાને વિરામ આપ્યો હતો.

તા. ૨૬-૪-૧૫ના બપોરે બરાબર ૩:૩૦ વાગ્યે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજીનું આગમન આમારાના આંગણે પ્રથમ વખત થયું. તેના સ્વાગતમાં ટી-શર્ટ અને સાફામાં સજ્જ ૫૧ મોટરસાઈકલની સવારી નીકળી હતી. તથા ઠાકોરજી તથા મહારાજશ્રી ત્રણ-ત્રણ વાહનોવાળી ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. આ નગરયાત્રામાં ૨૨ ગામની ઓચ્છવ મંડળી તથા ૧ બેન્ડપાર્ટીએ રમઝટ બોલાવી હતી ને આખા વાતાવરણને કીર્તનના આહ્લાદાયક સ્વરથી ગુંજવી મૂક્યું હતું.

તા. ૨૭-૪-૧૫ સોમવાર વૈશાખ સુદ-૯ના બરાબર ૮ વાગ્યે બન્ને મંદિરોમાં પ્રાણપ્રતિષ્ઠાનો વિધિ સંપન્ન થયો હતો. અને અન્નકૂટ કરીને બરાબર ૧૦ વાગ્યે વિષ્ણુયાગની પૂર્ણાહુતિ થઈ હતી.

આ મહોત્સવમાં રાત્રીય કાર્યક્રમોમાં તા. ૨૪-૪-૧૫ના સાંજે આમારાના યુવાનો તથા બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા તા. ૨૫-૪-૧૫ના સાંજે બહેનો તથા બાલિકાઓ દ્વારા મહિલામંચનું આયોજન થયું તથા તા. ૨૬-૪-૧૫ના સાંજે ભવ્ય રાસોત્સવનું આયોજન થયું હતું. અને સંતોએ નંદસંતોના કીર્તન ગાઈને

પંચાળાના રાસની ઝાંખી કરાવી. અને તા. ૨૭-૪-૧૫ના સાંજે અબડાસા પ્રાંતીય શિબિરનું આયોજન થયું હતું. આમા શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી તથા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાની કાંઈક નવીન મહેનતથી યુવાનોને બોધ આપ્યો હતો. અને વ્યસનને લક્ષ્ય બનાવ્યું હતું. સભામાં જેટલા વ્યસનમાં ફસાયેલા હરિભક્તો હતા તેમણે પૂ. સ્વામી શ્રીહરિદાસજીના આશીર્વચનથી ચા, તમાકુ, બીડી જેવા અનેક વ્યસનોને તિલાંજલિ આપી હતી. બહેનોએ પણ પોતાના ચા જેવા વ્યસનોને સાં.યો. બહેનોના ચરણમાં જઈને વિદાય આપી આમારા ગામના આ ઉત્સવને સાર્થક કર્યો હતો.

આ મહોત્સવ નિમિત્તે ૧૫ દિવસ પહેલાંથી જ દુષ્કાળના દિવસોમાં ગાયોને લીલા ઘાસચારાની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી. અને હજુ પણ ચાલુ રાખેલી છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર આમારાનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી કેશવપ્રસાદદાસજી, સ્વામી સનાતનદાસજી, સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી નિલકંઠચરણદાસજી આ સર્વે સંતોની અધ્યક્ષતામાં ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો.

તા. ૨૮-૪-૧૫ના રોજ બપોરે મહોત્સવની પૂર્ણાહુતિ થઈ હતી.

અહેવાલ : કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, આમારા

## વાર્ષિક પાટોત્સવ ત્રિદિનાત્મક કથા પારાયણ, માધાપર

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપા તથા વડીલ સંતોના તથા માવિત્રોના આશીર્વાદથી ગામ માધાપર બંને મંદિરના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે બંને મંદિરમાં પ.ભ. શ્રી મનજીભાઈ કરસન પિંડોરીયા ધ.પ. અમરબાઈ સુપુત્ર નરેન્દ્ર તથા ભાવીક આદિ સહપરિવાર તરફથી તા. ૧૮-૫-૨૦૧૫ને સોમવારથી તા. ૨૦-૫-૧૫ને બુધવાર સુધી ત્રિદિનાત્મક કથા પારાયણ શ્રીમદ્ વાસુદેવ માહાત્મ્ય જ્ઞાનયજ્ઞનું આયોજન ભુજ મંદિરના સ.ગુ. પુરાણી સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળના સર્વે સંતોમાં તથા પુરાણી સ્વામી નારાયણવલ્લભદાસજી તથા પુરાણી સ્વામી પ્રભુસ્વરૂપદાસજી આદિ સંતમંડળના વરદ્ હસ્તે તથા ગામની મંદિરની કાર્યવાહી કમીટી તથા સર્વે સત્સંગી ભાઈ-બાઈના સથવારે સારી રીતે પૂર્ણ કરવામાં આવેલ.

આ કથા પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી તથા પુરાણી સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીએ વાસુદેવ માહાત્મ્યમાં રહેલ નીતિ, નિયમ, ધર્મોનું સારી રીતે વિવેચન કરી અમૃતપાન કરાવેલ હતું. આ કથા પ્રસંગે સ્વામી જગતપ્રકાશદાસજી તથા સ્વામી નીલકંઠમુનિદાસજી આદિ સંત પાર્ષદ કથા પ્રસંગે પધારી ભક્ત સમુદાયને રાજી કરેલ હતા.

કથા પારાયણના બીજા દિવસે સંતો યજમાનશ્રીના ઘરે પગલાં કરવા પધારી યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપી રાજી કર્યા હતા. ત્રીજા દિવસે પાટોત્સવ નિમિત્તે સવારના હરિકૃષ્ણ મહારાજનો મંત્રોચ્ચાર સાથે અભિષેક વિધિ કરી ભક્ત સમુદાયે દર્શનનો તથા ચરણામૃતનો પ્રસાદનો લાભ લીધો હતો. ત્યારબાદ સર્વે સંતો બહેનોના મંદિરમાં વાર્ષિક પાટોત્સવની તથા અન્નકૂટોત્સવની આરતી ઉતારી સ્તુતિ પ્રાર્થના સાથે ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. ૯ વાગે બહેનોના મંદિરમાંથી ધામધૂમથી છાબનું સામૈયું આવ્યા બાદ કથા વિરામબાદ સંતોએ સૌ ભક્તને રૂડા આશીર્વાદ આપેલ અને યજમાન પરિવારને ભુજ મંદિર તથા માધાપર મંદિર તરફથી પહેરામણી આપી રાજી કરેલ અને ત્યારબાદ વાર્ષિક પાટોત્સવની આરતીના ચડાવા સાથે કથાના યજમાન પરિવાર મનજીભાઈએ ઊંચો આંક આપી સહુને રાજી કરેલ અને ઉત્તરપૂજન, પોથીપૂજન, વક્તાપૂજન બાદ કથાની સમાપ્તિ તથા વાર્ષિક પાટોત્સવની આરતી બેન્ડપાર્ટીના સૂરોની સાથે ખૂબ જ ધામધૂમ સાથે સ્તુતિ, પ્રાર્થના, કીર્તન , ધૂન સાથે ઉત્સવને પૂર્ણ કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રી, અરજણભાઈ ભુડીયા

# કુંદનપર ગામે ઉજવાયો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૧-૫-૨૦૧૫ વૈશાખ વદના ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ સહ આજ્ઞા તેમજ વર્તમાન મંડળના સંતોના માર્ગદર્શન હેઠળ સુંદર પોથીયાત્રાથી પ્રારંભ થયો હતો.

શ્રીમદ્ સત્સંગિ જીવન ગ્રંથની કથા ભુજ મંદિરના વિદ્વાન વક્તાશ્રીઓ સાંભળાવી પહેલાં દિવસના બીજા સત્રમાં ભવ્ય શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો હતો. મહોત્સવના મધ્યાંતરે પ.પૂ. મોટા ગાદીવાળા પધારીને સાં.યો. બહેનોની સાથે સત્સંગી બહેનોને ભક્તિનો અનેરો લાભ આપ્યો હતો. રાત્રીય પ્રોગ્રામોમાં ભુજ મંદિર હેઠળ ચાલતા ગુરુકુળના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. સમસ્ત સત્સંગી ભાઈઓ-બહેનોને ભક્તિમાં ડૂબાડતો રાસોત્સવ પણ ધામધૂમથી ઉજવાયો હતો. ઉત્સવનો અનેરો દિવસ એટલે કે છઠો દિવસ તે દિવસે પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠા કરી સુંદર અન્નકૂટ ધરાવીને આરતીનો અનેરો લાભ સૌ સંતો, ભક્તો, સાં.યો. બહેનોએ લીધો હતો. તેની સાથે પ.પૂ. ગાદીવાળા પધારીને ભુજ મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈ, કેરાના મહંત સાં.યો. રતનબાઈ, કુંદનપરના મહંત સાં.યો. જશુબાઈ, વડીલ મોટા જશુબાઈ, સાં.યો. નાનબાઈ, કેરા આદિ સાથે પ્રતિષ્ઠાની આરતીનો લાભ લીધો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ભવ્ય સ્વાગત સામૈયા સાથે શોભાયાત્રા ખૂબ ઉત્સાહથી કરવામાં આવી હતી. ઉત્સવમાં કુંદનપુર ગામનાં સત્સંગી ભાઈઓ-બહેનોએ મહાવિષ્ણુયાગમાં બહુ મોટો લાભ લીધો હતો.

આમ સાત દિવસના ઉત્સવમાં સાતમે દિવસે ઠાકોરજીને રાજોપચાર વિધિથી વિદ્વાન બ્રાહ્મણોના મુખે વેદોના ગાન સાથે પૂજન કરી મહોત્સવને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

અહેવાલ :- પ્રમુખશ્રી નારણભાઈ

# શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર, માંડવી

અત્રે શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર માંડવીમાં ભૂકંપમાં ક્ષતી થયેલ તથા અન્ય રિપેર સુધારા કરાવ્યા બાદ સંપૂર્ણ ફરી કલરકામ કર્યું આ નિમિત્તે તથા ભૂકંપ પછી જે ઠાકોરજીની પધરામણી થઈ તે ઠાકોરજીના ૧૬મા વાર્ષિક પાટોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. તે નિમિત્તે તા. ૧૬/૦૫/૨૦૧૫ વૈશાખ વદ તેરસથી તા. ૧૮/૦૫/૨૦૧૫ વૈશાખ વદ અમાસ શ્રીકૃષ્ણ ભગવાનના બાળચરિત્રોથી ભરપૂર એવા શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ ત્રણ દિવસની પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પુ. સ્વામી દેવવિહારીદાસજી તથા શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ સુમધુર શૈલીમાં શ્રોતાજનોને ભગવાન શ્રીકૃષ્ણના અદભૂત ચરિત્રોનું શ્રવણ કરાવ્યું હતું. આ નિમિત્તે ભુજ મંદિરથી પૂ.સદ્. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પૂ. સદ્. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પૂ. સદ્. કો.જાદવજીભગત, પૂ. સદ્. કો. સ્વામી ભગવત્જીવનદાસજી આદિ સંતો પધાર્યા હતા. ત્રીજા દિવસે પ્રથમ ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો ત્યારબાદ વિવિધ વાનગીઓ ઠાકોરજીને અન્નકૂટના રૂપમાં જમાડવામાં આવી હતી. સૌ હરિભક્તોએ કથાનું રસપાન બાદ ભુજમંદિરના મહંત સ્વામીએ તથા જાદવજી ભગતજીએ તથા માંડવી મંદિરના મહંત સ્વામીએ સૌ શ્રોતાજનોને આશીર્વાદ આપ્યા. પ.ભ ધનજીભાઈ વેલજી ભુડીયા સહપરિવાર - સુખપર પાટોત્સવના યજમાન તથા નારણભાઈ શિવજી વેકરીયા—નારણપર ભોજનપ્રસાદના યજમાન પદે રહ્યા હતા. અને હવેથી દર વર્ષે આ પ્રસાદી મંદિરનો પાટોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

અહેવાલ - પાર્ષદ કાન્તિભગત

# વિલે પાર્લે મુંબઇમાં વિવિધ આયોજનો

રક્તદાન શ્રેષ્ઠદાન છે. તેથી જાગૃત અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા રક્ત દાન શિબિરના આયોજનો થતા રહે છે. આવા હેતુથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતી ભુવન વિલે પાર્લે મુંબઈને આંગણે વિશ્રાંતી ભુવનના મહંત શા. સ્વામી નારાયણમુની દાસજી આદી સંત મંડળની પ્રેરણાથી તા, ૧૭-૫-૨૦૧૫, રવિવારે બલ્ડ ડોનેશન કેમ્પ (રક્ત દાન શિબિર) અને નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતો, યુવકો,યવતીઓ મળીને ૧૪૦ વ્યક્તિએ રક્તદાન કર્યું હતું. રક્તદાન આપનારને મંદિર તરફથી સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. ૪૦૦ જેટલા લોકોએ નેત્ર ચિકિત્સા કરાવી હતી. આ આયોજનમાં વિલે પાર્લેના ધારા સભ્ય પરાગભાઈ અલવણી તથા સહયોગ આપનાર ભારત વિકાસ પરિસદના પ્રમુખ ઉત્તમભાઈ જૈન, ભરતભાઈ કાકડીયા તથા મંદિરના ટ્રસ્ટી લાલજીભાઈ, ઘનશ્યામભાઈ આદી મહાનુભાવો સંતો સાથી રહી દીપ પ્રગટ્ય કરી કેમ્પની શરુઆત કરી હતી. કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ સારો સહયોગ આપ્યો હતો. એજ દિવસે રાત્રે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રેઝેન્ટેશન દ્વારા આપણું બાળક એ વિષય પર સંત સ્વામી દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું. બાદ વિશ્રાંતી ભુવનમાં નોકરી કરનાર સ્ટાફનું સન્માન કરવામાં અવ્યું હતું . સભાના યજમાન પ્રેમજી કાનજી તથા અ.સૌ. મીનાબેન સામજી કાનજી તથા અ.સૌ. ભાનુબેન લાલજી કાનજી નીશર પરિવારને મહંત સ્વામીએ આશીર્વાદ આપ્યા હતા. સભાને અંતે મહાઆરતી કરી ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો.

તા, ૧૦-૫-૨૦૧૫ રવિવારના શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતી ભુવન તથા કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા સત્સંગ વિહાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આરે કોલોની તપેશ્વર મહાદેવની બાજુમાં જેમાં મોટી સંખ્યામાં યુવાનો-યુવતીઓ તથા હરિભક્તો જોણાયા હતા. સંતો દ્વારા વ્યાખ્યાનમાળા,ગેમ, રાસ વગેરે આયોજન રાખેલા હતા.

અહેવાલ : શા.સ્વામી સંતસ્વરૂપ દાસજી

# ૧૦૦% પરિણામ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય (સ્વનિર્ભર વિજ્ઞાન પ્રવાહ) સંસ્કાર નગર, ભુજ ફોન નં. ૨૨૦૭૬૫

શાળા પ્રારંભથી (માર્ચ ૨૦૧૦) થી આજ સુધી (માર્ચ ૨૦૧૫) દર વર્ષે ધો. ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૧૦૦% પરિણામ મેળવતી કચ્છની એક માત્ર શાળામાં પ્રવેશ મેળવવાની ઉત્તમ તક આપની સમક્ષ છે. માર્ચ ૨૦૧૫માં ધો. ૧૨નું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ પરંપરાગત રીતે આ વર્ષે પણ ૧૦૦% આવેલ છે ગુણવત્તા સભર શિક્ષણ આપતી સંસ્થાએ કચ્છમાં પોતાનું ઉત્તમ નંબર જાળવી રાખ્યું છે.

**શાળાની વિશેષતાઓ :-**

- વર્ષ ૨૦૦૮થી વિદ્યાર્થીઓના વ્યક્તિગત ઉચ્ચત્તમ પરિણામ લાવતી કચ્છની એકમાત્ર શૈક્ષણિક સંસ્થા.
- વ્યાજબી ફી અને અનુભવતી તેમજ ઉચ્ચ લાયકાતવાળા શિક્ષકો દ્વારા અપાતું ગુણવત્તાસભર શિક્ષણ.
- પ્રથમ સેમેસ્ટરથી JEE/ GUJCET ની પૂર્વતૈયારી કરાવતી તેમજ વર્ષોથી ઉત્તમ પરિણામ મેળવતી શાળા.
- પખવાડીક પરીક્ષાઓ, સતત મૂલ્યાંકન તેમજ વાલીઓને બાળકોની પ્રગતિની જાણ.
- ધો. ૧૨ પછી એન્જિનિયરીંગ અને મેડીકલની ઉત્તમ કોલેજ / યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે પણ કચ્છની એકમાત્ર શાળા.
- ઉત્કૃષ્ટ મેનેજમેન્ટ તેમજ સંતો દ્વારા વિદ્યાર્થીઓની સતત દેખરેખ.

ધો. ૧૦નું બોર્ડનું પરિણામ જાહેર થતાં બીજા જ દિવસે ધો. ૧૧(વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ આપવા માટેનું પ્રવેશપત્ર શાળામાંથી આપવામાં આવશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં પ્રવેશપત્ર ભરી શાળામાં જમા કરાવી દેવું.

અહેવાલ :- આચાર્યશ્રી



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળ મિત્રો ! જય શ્રી સ્વામિનારાયણ, તા, ૧૭ - ૬ - ૨૦૧૫ થી અધિક અષાઢ માસનો પ્રરંભ થાય છે. અધિક માસને પુરુષોત્તમ માસ કહેવામાં આવે છે આ મહિનામાં જપ,તપ,વ્રત આદી કરવાથી ભગવાન અતિ પ્રસન્ન થાય છે. અને મનવાંછિત ફળ મળે છે માટે કાંઇ એકાદ નિયમ જરૂર લેજો. ચાલો આપણે પુરુષોત્તમ માસ વિષેની એક વાર્તા સાંભળીએ, જેથી એમનો મહિમા સમજાય.

એક ગામમાં એક બ્રાહ્મણ અને તેની પત્ની રહેતાં હતાં. તેઓ સર્વે રીતે સુખી હતાં. પણ એને દીકરો કે દીકરી નહિ. આથી તે હંમેશાં ચિંતાતુર રહેતાં હતાં, એવામાં પુરૂષોત્તમ (અધિક) માસ આવ્યો. તેમાં બન્ને નિયમ લીધો કે દરરોજ નદીએ નહાવા જવાનું ઘરે આવી ભગવાનની પૂજા કરવાની અને પછી અખો દિવસ હરિસ્મરણ કરવું. એ બન્ને વૃદ્ધ હતાં છતાં નિયમિત આ બધું કરતાં અને એક જ ટાઇમ ભોજન કરતાં પરંતુ રોજ રાંધવાની કડાકૂટ કરવી પડે, એક દિવસે બ્રાહ્મણે પોતાની પત્નીને કહ્યું : આપણે જો દીકરો હોત તો દીકરાની વહુ હોત તો તે બધું ઘરનું કામ કરત અને આપણે નિરાંતે ધ્યાન-ભજન કરી શકીએ. ત્યારે બ્રાહ્મણ પત્નીએ કહ્યું કે, તો પછી તમો વહુ લઇ આવો ? બ્રાહ્મણે કહ્યું પણ દીકરા વિના વહુ કયાંથી લાવવી, બ્રાહ્મણી કહે જે, એ હું કંઇ ન જાણું, ગમે તેમ કરીને વહુ લાવો, બ્રાહ્મણ પત્નીએ હઠ પકડી. બ્રાહ્મણ મુંઝાણો, એટલે બ્રાહ્મણી કહે જે, તમો કન્યાની તપાસ કરવા જાઓ અને જો કન્યા મળી જાય અને મુરતીયો જોવાનું કહે તો કહેવાનું કે, દીકરો કાશીમાં ભણવા ગયો છે અને તે એક મહિનામાં આવી જશે. અંતે બ્રાહ્મણ કન્યાની શોધમાં નીકળી પડ્યા. દૂર કોઇ ગામમાં એક ગોર મહારાજને મળ્યા અને તેને વાત કરી પછી કન્યાની તપાસ કરતાં એક રૂપવાન કન્યા જોઇ, કન્યા ગમી પરંતુ ગોર મહારાજ કહે, મુરતીયો જોયા વિના સગપણ કેમ થાય ! ત્યારે બ્રાહ્મણ કહે એ વાત સાચી પણ દીકરો કાશીએ ભણવા ગયો છે, તે એક મહિનો પૂરો થાશે ત્યારે આવશે, માટે અત્યારે ત્રણ ફેરા એની પાઘડીને ફેરાવી લૈયે, અને ચોથો ફેરો દિકરો આવશે, એટલે એની સાથે ફેરવી લઇશું. પાછુ આટલું દૂર આવવું ના પડે. ગોર મહારાજ સમજી ગયા અને પાઘડી સાથે ત્રણ ફેરા ફેરવીને વહુને લઇને હરખભેર ઘેર આવી ગયા. ઘરમાં રસોઇ આદી કામ કરવાવાળી પુત્રવધૂ આવી. આથી બ્રાહ્મણી તો રાજીનાં રેડ થઇ ગયાં. સમય જતાં એક દિવસ બ્રાહ્મણ અને બ્રાહ્મણી બન્ને નદીએ નહાવા ગયેલાં અને વહુ ઘરમાં રસોઇ કરતી હતી, એવામાં કોઇ સંબંધી આવ્યા. તેણે કન્યાને જોઇને પૂછયું કે તમો કોણ છો ? ત્યારે વહુએ કહ્યુ કે, હું તો આ બ્રાહ્મણના પુત્રની પત્ની છું, પત્ની,...! પણ આ બ્રાહ્મણને તો દિકરો જ નથી તો તું વહુ થઇને કેવી રીતે આવી છો ? તે સાંભળીને વહુના મનમાં મુંઝવણનો પાર ન રહ્યો અને મનમાં વિચારવા લાગી કે, શું આ મારી સાથે રમત તો રમાઇ ગઇ નથી ને ? તેવામાં સાસુ-સસરો નદીએથી નાહીને આવ્યાં તો વહુને મુંઝાએલા અને ગુસ્સામાં જોઇને પૂછયું કે, બેટા શું થયું છે ? તમો ઉદાસ અને ગુસ્સામાં કેમ જણાઓ છો ? ત્યારે

વહુએ જવાબ આપ્યો કે, તમારે દિકરો જ નથી. અને મારા મા-બાપને ખોટું સમજાવીને તમો મને લાવ્યા છો ? ત્યારે સાસુએ કહ્યું તમને કોણે કહ્યું જે મારે દીકરો નથી ? વહુ કહ્યું હમણાં તમારા કોઇ સંબંધી આવ્યા હતા તેણે આ વાત કરી. સાસુ કહે જે, તમો વિશ્વાસ રાખો મારો દીકરો આ માસ પૂરો થતા જ આવી જશે, થોડા દિવસો જતા એક દિવસે સાસુએ ઓરડાની બધી ચાવીઓ વહુને આપીને કહ્યું કે, તમારે જે કાંઇ પણ વસ્તુ જોઇતી હોય તો આ છ ઓરડા ઉઘાડીને લઇ લેવી. પણ આ સાતમો ઓરડો ઉઘાડશો નહિ. પછી બીજે દિવસે બ્રાહ્મણ અને બ્રાહ્મણી નદીએ નહાવા ગયાં. ત્યારે વહુએ છ ઓરડા ઉઘાડીને જોયું તો તે અનાજ, કઠોર, વસ્ત્રો-દાગીના, સોનામહોરો-હીરા, ઝવેરાત વગેરેથી ભરાએલા જોઇને આશ્ચર્ય પામી ગઇ, પછી વિચાર કર્યો કે, આ સાતમાં ઓરડામાં શું હશે,! એમ વિચારીને એ જોવા માટે સાતમો ઓરડો ઉઘાડ્યો તો તેમાં એક દિવો પ્રકાશી રહ્યો હતો. અંદર એક પુરૂષને બેઠેલો જોયો, બારણું ઉઘડેલું જોઇ એ પુરૂષે કહ્યું, અરે દરવાજો વાસી દો, મને શાસ્ત્રો વિચારવામાં ખલેલ પડે છે. અને પુરૂષોત્તમ માસ પૂરો થશે પછી આપણે ચોથો ફેરો ફરીશું. આ શબ્દ સાંભળી વહુએ હર્ષભેર કમાડ વાસી દીધું અને સાસુની વાત ઉપર પાકો વિશ્વાસ આવ્યો કે એને દીકરો છે. ત્યાર પછી તો સાસુ-સસરાની હર્ષથી સેવા કરવા લાગી, પરંતુ તેણે સાતમો ઓરડો ઉઘાડ્યો હતો તે વાત કહી નહિ. એમ કરતાં પુરૂષોત્તમ માસ પૂરો થયો, એટલે વહુએ સાસુ-સસરાને ચોથો ફેરો ફરવવા માટે વિનંતી કરી અને કહ્યું, માંડવો રોપાવો અને ચોરી બંધાવો, વાજિંત્રો વગડાવો, મંગલ ગીતો ગવડાવો આમ કહ્યું એટલે સાસુ-સસરો મુંઝાયા કે હવે શું કરવું, એમને ખબર ન હતી કે સાતમાં ઓરડામાં શું છે, અંતે ભગવાનને પ્રાર્થના કરી, હે પુરૂષોત્તમ ભગવાન ! અમે ભાવપૂર્વક તમારું વ્રત કરેલું હોય તો આ સંકટમાં અમારી સહાય કરો. એમ પ્રાર્થના કરી સાતમો ઓરડો ઉઘાડીયો અને ઉઘાડતાં જ, પીળું પીતાંબર જેણે પહેરેલું છે એવા પુરૂષોત્તમ ભગવાન ઓરડામાંથી બહાર આવ્યા, આ આશ્ચર્ય જોઇ બ્રાહ્મણ અને બ્રાહ્મણીને આનંદનો પાર ન રહ્યો. ભગવાનને પુત્ર માની ભેટી પડ્યા. પછી મંડપ બંધાવી વાજિંત્રોની સાથે ચોથો ફેરો ફેરાવી દીધો. બ્રાહ્મણ અને બ્રાહ્મણીને આનંદ આનંદ થઇ ગયો. એને પુરુષોત્તમ માસના વ્રતનું ફળ મળી ગયું. આવું પુરુષોત્તમ માસનું અપાર મહાત્મ્ય છે.



## સંસ્કૃત પાઠશાળા પ્રવેશ ઉત્સવ

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં ચાલતી સંસ્કૃત પાઠશાળાનો શાળા પ્રવેશ ઉત્સવ પ.પુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી કરવામાં આવ્યો હતો.**

**પ્રસાદી મંદિરમાં ચાલતી આ સંસ્કૃત પાઠશાળામાં ૧૭ વિદ્યાર્થી સંતો સંસ્કૃતનો અભ્યાસ કરી રહેલ છે. પ્રવેશથી આરંભી શ્રી ભાષ્ય સુધીનું શિક્ષણ સંતો લહી રહ્યા છે.**

## -: જ્ઞાનમાળાઃ-

૧. શ્રીસ્વામિનારાયણ ભગવાને કઈ સાલમાં ઘરનો ત્યાગ કર્યો ?
(અ) ૧૮૮૧ (બ) ૧૭૪૯
(ક) ૧૮૪૯ (ડ) ૧૭૯૬

૨. અધિકમાસનું બીજું નામ શું છે
(અ) સત્યમાસ (બ) પુરુષોત્તમમાસ
(ક) નારાયણમાસ (ડ) માઘમાસ

૩. પંચામૃતના નામ આપો ?
(અ) દૂધ,સાકર (બ) મધ,કેશર
(ક) ઘી, મધ (ડ) દહી

૪. સજની શ્રીજી મુજને સાંભર્યા રે, આ કીર્તન કોણે બનાવ્યું છે ?
(અ) બ્રહ્માનંદ (બ) પ્રેમાનંદ
(ક) મુક્તાનંદ (ડ) સુખાનંદ

૫. મૂળજી લુહાણાનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(અ) માણાવદર (બ) માળીયા
(ક) મોરબી (ડ) જસદળ

૬. શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર કેટલા વર્ષ રહ્યા હતા ?
(અ) ૩૯,૯,૧૯ (બ) ૪૯,૧,૨,
(ક) ૫૦ (ડ) ૪૯,૨,૧,

૭. પંપા સરોવર કયા રાજ્યમાં આવેલું છે ?
(અ) મહારાષ્ટ્ર (બ) તામીલનાડુ
(ક) કેરલા (ડ) કર્ણાટક

૮. મુકુંદાનંદ બ્રહ્મચારીનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(અ) ભાદરા (બ) મછિયાવ
(ક) ડભાણ (ડ) અમરેલી

૯. સત્સંગમાં કેવો ભાવ હોય તો સત્સંગમાં રહી શકાય ?
(અ) અલૌકિક ભાવ (બ) સંશય ભાવ
(ક) લૌકિક ભાવ (ડ) સમાન ભાવ

૧૦. છ પ્રકારના રસોનાં નામ આપો ?
(અ) કળવો,તીખો (બ) મીઠો,તુરો
(ક) ખાટો,ખારો (ડ) તમતમો, ચટીકેદાર

## ગત જ્ઞાનસરિતાના જવાબો

- સત્સંગ,સેવાથી,મંદિર,સુખ,કૃષ્ણ ભક્તિ, દુષ્ટની, કળી
- દાસનાદાસ, અલૌકિક ભાવ, આળસ
- હું નિત્ય માતા-પિતાને વંદન કરીશ.
- હું દરરોજ તિલક-ચાંદલો કરીશ.
- હું ભગવાનને ધરાવેલું જમીશ.
- હું વૃક્ષોના જતન માટે પ્રયત્ન કરીશ.
- હું સદાય નરનારાયણદેવના શરણમાં રહીશ.
- હું મારા માતા-પિતાને ઘરકામમાં મદદ કરીશ.
- હું સાદગીવાળાં કપડાં પહેરીશ.
- હું બજારુ ઠંડાપીણા નહી પીવું.
- હું દેશનો આદર્શ નાગરિક બનીશ.
- હું કયારે ખરાબ વિચારીશ નહી.
- ભકતચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય, હરિલીલામૃત કળશ,
- શિક્ષાપત્રી, ભકતચિંતામણી

## -: શબ્દ રચના :-

આ કોયડામાં ભારતીય બાર મહિનાના નામ મુકેલા છે તેને શોધો.

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | શ્રા | | | | | | | |
| | | | | | | વા | પો | મ | | | | | | |
| | | | | | હ | ભ | ષ | જુ | વૈ | | | | | |
| | | | | મા | ચૈ | એ | પ્રી | લ | લા | ન | | | | |
| | | | ક | ગ | ત્ર | ષ | દ | મા | ર્ચ | ઈ | ણ | | | |
| | | ણ | ફ | શ | હા | ઢ | વો | ખ | ત્ર | વ | મે | ન | | |
| | ષા | કા | ખ | કા | ર | ત | ક | ષા | શ્રા | ક | સો | જૂ | ઘ | |
| આ | ઠ | ર | ષા | હા | ચૈ | લ | વા | ણ | સ | આ | શા | મ | વૈ | ફા |
| | જે | પ | મ | વા | સ | ફા | ગ | ખ | દ | કા | ગ | જે | સ | |
| | | ણ | પ | ભ | મે | ઘ | સો | વો | ભા | અ | ષા | ઢ | | |
| | | | ગ | વૈ | મા | સ | ર | ડી | સે | મ્બ | ર | | | |
| | | | | ફા | ઢ | દ | કા | ષ | ખ | રી | | | | |
| | | | | | ભા | સ | ચૈ | શા | આ | | | | | |
| | | | | | | શા | વૈ | ન્યુ | | | | | | |
| | | | | | | | જા | | | | | | | |

### સરનામું

નામ.......................................................

ગામ ........................તાલુકો........................

ઉંમર............શાળા....................................

ધો.............. મો.ન.........................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૨૦૧/- | નિખીલ અરજણભાઈ હીરાણી | ભક્તિનગર માનકુવા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | શારદાબેન પ્રિતેશભાઈ હીરાણી | માધાપર | ચિ. મનનના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | ડીમ્પલ હીરાલાલ ગામી | કેરા-મુંબઈ | દિપેશ ગોવિંદ કેરાઈ (કેરા હાલે લંડન)ની સગાઈ ચિ. ડીમ્પલ સાથે થતાં ભેટ |
| ૨૫૧/- | બંસરીબેન જગદીશભાઈ ઠક્કર | ગાંધીધામ | સુપુત્ર ચિ. હર્ષદની સગાઈ ચિ. ભક્તિ સાથે થતાં ભેટ |
| ૨૦૧/- | હર્ષિદાબેન વી. | નડિયાદ | હોમિયોપેથીમાં ડોક્ટરની ડીગ્રી પ્રાપ્ત કરતાં ભેટ |
| ૧૦૦/- | શ્રુતિ દિનેશભાઈ વેકરીયા | નારણપર | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | દર્શના દિનેશભાઈ વેકરીયા | નારણપર | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | પ્રિયેન દિનેશભાઈ વેકરીયા | નારણપર | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | અર્ચના દિનેશભાઈ વેકરીયા | નારણપર | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | અ.નિ. ધનબાઈ પરબત વેકરીયા હ. દિનેશભાઈ વેકરીયા | નારણપર | તેમની પુણ્યસ્મૃતિમાં ભેટ |
| ૧૦૦૦/- | નરેન્દ્ર કલ્યાણ કેરાઈ | બળદીયા-નૈરોબી | પુત્ર જન્મ નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | કુશ વિશ્રામ ગામી, કિશ્ના વિશ્રામ ગામી | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | અ.નિ. ડાહીબેન મનજીભાઈ ચૌહાણ | આમારા-નડિયાદ | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૧૦૧/- | હરજી કરસન કેરાઈ | કોડકી | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | મહેન્દ્ર જાદવજી ભુડીયા | માધાપર | નવા બોરમાં સારું પાણી આવતા ભેટ |
| ૧૦૦૦/- | પ્રેમજી કુંવરજીભાઈ કેરાઈ | નારણપર | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦૦/- | રવજીભાઈ પ્રેમજીભાઈ રાઘવાણી | બળદીયા-સીસલ્સ | શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૫૧/- | સ્મીતા પ્રેમજી વેકરીયા | બળદીયા-સીસલ્સ | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | નવ્યા કાનજી વરસાણી | માનકુવા | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૧૦/- | જય અરવિંદભાઈ જાદવા હીરાણી | માનકુવા ભક્તિનગર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૩૦૦/- | મનજી કરસન પિંડોરીયા ધ.પ. અમર | માધાપર | વાર્ષિક પાટોત્સવ તેમજ કથા પારાયણ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | અ.નિ. લાલજી મુળજી રાબડીયા | સરલી | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૫૫૫/- | ઉર્મિલાબેન મુળજી વાવીયા | દૂધઈ | ચારધામની યાત્રા સુખરૂપ પૂર્ણ થતાં ભેટ |

## નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન-કુંદનપુર











## માનકુવામાં ઉજવાયો જ્ઞાનયજ્ઞ મહોત્સવ








## પ્રસાદી મંદિર જીર્ણોદ્ધાર એવમ્ વાર્ષિક પાટોત્સવ - માંડવી







# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા ભૂકંપ ગ્રસ્ત લોકોની સહાય-નેપાળ






















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ માં બિરાજતા
શ્રી નરનારાયણઆદિ દેવોના નિત્યદર્શન તેમજ
સત્સંગ કથા-વાર્તા નો લાભ લેવા ઇચ્છતા ભક્તોએ નીચે
જણાવેલ નંબર ઉપર વોટ્સએપ મેસેજ કરી પોતાનું
પુરૂં નામ અને અત્યારનું સરનામું નામ સાથે મુકવું

મો. +917359250231

**From:- S S Temple Bhuj- Kutch**